# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા ફેબ્રુઆરી – 2015

**સૂચના :**
1. તમામ પ્રશ્નોના જવાબ ફરજીયાત છે.
2. જયાં સુધી ખંડનિરીક્ષક ન જણાવે ત્યાં સુધી જવાબ લખવાનું શરૂ કરવું નહિ.
3. જવાબપત્રકની પાછળ આપેલ સૂચનાઓ કાળજીપૂર્વક વાંચ્યા બાદ જવાબ લખવાનું શરૂ કરવું
4. પરીક્ષાર્થીઓએ પ્રશ્નપત્ર અને જવાબપત્ર બંને ખંડ–નિરીક્ષકને એક સાથે પરત કરવાનું અનિવાર્ય છે. આથી કોઈપણ પરીક્ષાર્થીએ પ્રશ્નપત્ર પોતાની સાથે લઈ જવાનો આગ્રહ રાખવો નહિ. પ્રશ્નપત્ર સાથે લઈ જનાર વિદ્યાર્થી આ પરીક્ષા માટે ગેરલાયક ઠરશે.
5. વૈકલ્પિક પસંદગીના દરેક પ્રશ્નના ઉત્તર માટે ચાર વિકલ્પ જણાવ્યા છે. જેમાંથી એક સાચો હોવાની શકયતા છે. સાચો જવાબ પસંદ કરી જવાબપત્રકમાં યોગ્ય ખાનામાં (x) નિશાની કરો.
6. જે વિદ્યાર્થી પોતાનો સાચો નોંધણી નંબર નહીં દર્શાવે તેનું પરિણામ રદ થશે.

**અભ્યાસક્રમ : સર્ટિફિકેટ ઈન ટૂરિઝમ મૅનેજમેન્ટ એન્ડ માર્કેટિંગ (CMT/CTM)**

**નોંધણી નંબર:_______________**

**પાઠયક્રમ : પ્રવાસનનો બુનિયાદી પાઠયક્રમ (TS-01)**

**તારીખ : 18/02/2015**

**સમય : 11.00 to 02.00** **કુલ ગુણ : 100**

---

| | | | | |
|---|---|---|---|---|
| 1 | પ્રવાસનું સ્વરૂપ કેવું હોય છે? | | | |
| | (A) વ્યકિતગત | (B) સામૂહિક | (C) સામાજિક | (D) ધાર્મિક |
| 2 | પર્યટન અને તેના સ્વરૂપો શાની પ્રેરણાઓ સાથે સંકળાયેલા છે? | | | |
| | (A) પર્યટક | (B) સંસ્થા | (C) સરકાર | (D) સમાજ |
| 3 | કેવા પર્યટનમાં મુલાકાતી વ્યકિતગત સેવાઓ ખરીદતા હોય છે? | | | |
| | (A) આંતરરાષ્ટ્રીય | (B) સ્થાનિક | (C) સામાજિક | (D) વ્યકિતગત |
| 4 | પ્રવાસન શબ્દમાં કેવી પ્રક્રિયાનો સમાવેશ થાય છે? | | | |
| | (A) ધાર્મિક | (B) રાજકીય | (C) સામાજિક | (D) વ્યકિતગત |
| 5 | જાપાનમાં કઈ રમત અત્યંત ખર્ચાળ મનાય છે? | | | |
| | (A) ક્રિકેટ | (B) હોકી | (C) બાસ્કેટબોલ | (D) ગોલ્ફ |
| 6 | કયા પ્રવાસ આયોજકો સ્થાનિક સરકાર પર તેની જાળવણી માટે દબાણ લાવી શકે છે? | | | |
| | (A) ઘરઘથ્થુ | (B) આંતરરાષ્ટ્રીય | (C) સમૂહ | (D) સ્થાનિક |
| 7 | ભારતમાં કયા પર્યટકો માટે યાત્રાધામો એક મહત્વપૂર્ણ આકર્ષણ ગણાય છે? | | | |
| | (A) આંતરરાષ્ટ્રીય | (B) સમૂહ | (C) સ્થાનિક | (D) ધાર્મિક |
| 8 | કયા દાયકામાં પ્રવાસન સેનાના નાગરિક ઉડ્ડયન વિભાગમાંથી અલગ પડયું? | | | |
| | (A) 1980 | (B) 1970 | (C) 1960 | (D) 1990 |
| 9 | વેલન સ્મિથે પર્યટકોના કેટલા પ્રકારો પાડયા છે? | | | |
| | (A) સાત | (B) પાંચ | (C) છ | (D) આઠ |
| 10 | કઈ પંચવર્ષીય યોજનામાં ભારત સરકારે પ્રવાસને ઉદ્યોગનો દરજ્જો આપ્યો હતો? | | | |
| | (A) સાતમી | (B) છઠ્ઠી | (C) પાંચમી | (D) આઠમી |
| 11 | કોની સેવાઓ પ્રવાસનમાં મહત્વનો ભાગ ભજવે છે? | | | |
| | (A) પ્રવાસ આયોજકો | (B) ભોમિયા | (C) ટ્રાવેલ એજન્સી | (D) એકપણ નહીં |
| 12 | I.A.T.A. ની સ્થાપના કયારે થઈ? | | | |
| | (A) 1966 | (B) 1958 | (C) 1945 | (D) 1947 |
| 13 | અખિલ ભારતીય પ્રવાસ આયોજક મંડળની સ્થાપના કયારે થઈ હતી? | | | |
| | (A) 1981 | (B) 1966 | (C) 1983 | (D) 1978 |
| 14 | મૂલ્યાંકન અને તુલના માટે સામાન્ય રીતે વપરાતા આંકડાકીય માપનો કેટલા છે? | | | |
| | (A) સાત | (B) આઠ | (C) અગ્યાર | (D) દસ |
| 15 | અવલોકનોના નમૂનામાંથી મેળવેલા સમષ્ટિ પ્રાચલોના સંભવિત મૂલ્યોને શું કહે છે? | | | |
| | (A) વિચરણ | (B) બિંદુ અંદાજો | (C) બહુલક | (D) વિચલન |

| | |
|---|---|
| 16 | ભારતમાં પરિવહનના મુખ્ય કેટલા સાધનો ઉપલબ્ધ છે?<br>(A) પાંચ (B) છ (C) સાત (D) ચાર |
| 17 | 1988 સુધી ભારતમાં કુલ કેટલા કિલોમીટરના માર્ગો હતા?<br>(A) 19 લાખ (B) 21 લાખ (C) 17 લાખ (D) 22 લાખ |
| 18 | કયા પ્રકારની હોટલો મોટેભાગે મોટા શહેરોમાં જ આવેલી હોય છે?<br>(A) પંચતારક ડિલક્ષ હોટલ (B) પ્રથમ વર્ગની હોટલો<br>(C) વૈભવ–વારસા હોટલો (D) તારક કક્ષા વગરની હોટલો |
| 19 | સ્થાયી મિલકત અને ધંધામાં રોકાયેલ મૂડીના સરવાળાને આપણે શું કહીએ છીએ?<br>(A) વેતન (B) નફો (C) ઉત્પાદક મૂડી (D) ખોટ |
| 20 | હવાઈ સફરના મુખ્ય કેટલા વિભાગો છે?<br>(A) ત્રણ (B) બે (C) ચાર (D) છ |
| 21 | ઘાસની વચ્ચે રહેનાર પક્ષી કયું છે?<br>(A) ટિલોર (B) બાર્બેટ (C) સોનચિડિયા (D) સહેલી |
| 22 | ક્ષેત્રફળની દૃષ્ટિએ સમગ્ર વિશ્વમાં ભારતનું સ્થાન કયું છે?<br>(A) પાંચમું (B) બીજુ (C) સાતમું (D) છઠ્ઠું |
| 23 | ભાતરના મુખ્ય કેટલા ભૌગોલિક પ્રદેશો છે?<br>(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ |
| 24 | હોલકના વૃક્ષો કેવા જંગલોમાં જ જોવા મળે છે?<br>(A) મોસમી જંગલો (B) વરસાદી જંગલો (C) શંકુદ્રુમ જંગલો (D) એકપણ નહીં |
| 25 | શેના પાનમાંથી બીડી બનાવવામાં આવે છે?<br>(A) ટીમરૂ (B) મહુડો (C) પીપળ (D) બીલી |
| 26 | ભારતના ઉડતા પક્ષીઓમાં સૌથી મોટુ પક્ષી કયું છે?<br>(A) મોર (B) સારસ (C) ગીધ (D) ગરુડ |
| 27 | ગરુડની પાંખો કેટલા મીટર લાંબી હોય છે?<br>(A) ત્રણ (B) એક (C) ચાર (D) બે |
| 28 | ઉત્તરીય અક્ષાંશોમાં ઋતુ અનસાર એક વર્ષને કેટલા મુખ્ય ભાગમાં વહેંચી શકાય?<br>(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ |
| 29 | કેરળમાં કયા મહિનામાં હાથીઓનું સરઘસ પર્યટકોના આકર્ષણનું મુખ્ય કેન્દ્ર છે?<br>(A) ફેબ્રુઆરી (B) જાન્યુઆરી (C) નવેમ્બર (D) જૂન |
| 30 | ફેબ્રુઆરીની શરૂઆતમાં પશ્ચિમ બંગાળમાં ગંગાના મુખ ઉપર કયો મેળો ભરાય છે.<br>(A) પશુ મેળો (B) મરુભૂમિ મેળો (C) ગંગાસાગર મેળો (D) હસ્તશિલ્પ મેળો |
| 31 | વૈશાખીનો તહેવાર કયા મહિનામાં આવે છે?<br>(A) એપ્રિલ (B) મે (C) જૂન (D) જુલાઈ |
| 32 | પ્રવાસન શિક્ષણના ક્ષેત્રની રચનાનો ઉદ્દેશ શું છે?<br>(A) પ્રવાસનના વિવિધ પાસાથી માહિતગાર કરવા (B) જાગૃતિ કેળવવી<br>(C) વિવિધ આવડતોનો અંદાજ કાઢવો (D) ઉપરના બધાં જ |
| 33 | ‘લોકોના રોજીંદા વસવાટ તેમજ કામના સ્થળથી 24 કલાકથી ઓછા અને એક વર્ષથી વધુ નહીં એટલા સમય માટેની સ્થાનાંતરણની પ્રક્રિયા છે’ – આ વિધાન કોનું છે?<br>(A) WHO (B) રેલ્વે (C) W.T.O (D) સ્ટેટ ટ્રાન્સપોર્ટ |
| 34 | યજમાન તથા સ્થાનિક લોકોથી અલગ રહીને ફકત માર્ગદર્શિત જૂથોમાં પ્રવાસ કોણ કરે છે?<br>(A) આયોજકો (B) ટ્રાવેલ્સ કંપનીઓ (C) બાળકો (D) પર્યટકો |
| 35 | ભારતમાં આજે પણ મોટા ભાગની કંપનીઓમાં પરિવહન રાહત અપાય છે જેને શું કહેવાય?<br>(A) એલ. આઈ. સી. (B) એલ. ટી. સી. (C) રિઝર્વેશન (D) WTO |
| 36 | વર્તમાન સંદર્ભમાં પ્રવાસનના વિવિધ પ્રકારોમાંથી નીચેનામાંથી કયો પ્રવાસનનો પ્રકાર નથી?<br>(A) આરામદાયક તથા શકિત વર્ધક (B) મુકિત (C) પર્યયન પથ (D) ખબર અંતર |
| 37 | એક એવી કઈ અદ્દભૂત ઘટના છે જેનો આજના ભારતમાં ઉદ્દભવ થઈ રહેલો આપણે જોઈએ છીએ?<br>(A) સ્વાતંત્ર્ય (B) સંમેલન (C) સંપર્ક (D) સમૂહ પ્રવાસ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 38 | સમગ્ર વિશ્વમાં પ્રવાસન તેમજ પર્યટનને લગતી ઓછામાં ઓછી કેટલી વિભાવના પ્રચલિત છે? | | | | | | | |
| | (A) | 50 | (B) | 52 | (C) | 42 | (D) | 45 |
| 39 | કોની દીવાદાંડી પ્રાચીન વિશ્વની સાત અજાયબીઓ પૈકી એક ગણાય છે? | | | | | | | |
| | (A) | હેરોડોટ્રસ | (B) | રોમની | (C) | એલેકઝાન્ડ્રિયા | (D) | એકપણ નહીં |
| 40 | મુસાફરનો અનુભવ એક માળખાની રચના કરતો હતો જેને __________ કહી શકાય. | | | | | | | |
| | (A) | પર્યટન | (B) | પર્યટક વિજ્ઞાન | (C) | પ્રવાસન | (D) | આગંતુક |
| 41 | પ્રવાસન વ્યવસ્થાપકોને પરીક્ષિત કરવા માટેનું પ્રવાસન મંત્રાલય હાલમાં કયાં આવેલું છે? | | | | | | | |
| | (A) | ગ્વાલિયર | (B) | સીમલા | (C) | દિલ્હી | (D) | બેંગ્લોર |
| 42 | પ્રવાસન વ્યવસ્થાનું માળખું કેટલા સ્તરીય હોય છે? | | | | | | | |
| | (A) | દ્વિસ્તરીય | (B) | ચાર સ્તરીય | (C) | છ સ્તરીય | (D) | એકપણ નહીં |
| 43 | કયુ પ્રવાસન વિશ્વમાં સૌથી વધુ ખર્ચ કરનાર પ્રવાસીઓ માટે એક મુખ્ય આકર્ષક છે? | | | | | | | |
| | (A) | સમૂહ પ્રવાસન | (B) | ગોલ્ફ પ્રવાસન | (C) | સભા પ્રવાસન | (D) | ઉદ્યોગ પ્રવાસન |
| 44 | પર્યટકોની માંગ સંતોષવી હોય તો ભારતે કઈ નીતિ અપનાવવી પડશે? | | | | | | | |
| | (A) | સસ્તુ પરિવહન | (B) | પ્રવાસન વ્યવસ્થા | (C) | મુકત આકાશ | (D) | સધ્ધરતા |
| 45 | 1992માં આપણાં ત્યાં કયા પ્રવાસીઓ વધુ હતા? | | | | | | | |
| | (A) | આંતરિક પર્યટકો | (B) | તીર્થયાત્રીઓ | (C) | શૈક્ષણિક પ્રવાસીઓ | (D) | બાહ્ય પ્રવાસીઓ |
| 46 | મુકત વેપાર પદ્ધતિ ચાલુ રાખવા આપણા પક્ષો શાની વધુ જરૂર છે? | | | | | | | |
| | (A) | હૂંડિયામણ | (B) | પૂરવઠા | (C) | ખોરાક | (D) | સ્વતંત્રતા |
| 47 | પર્યટકોના સાત પ્રકાર કોણે પાડયા છે? | | | | | | | |
| | (A) | એરિક કોહેન | (B) | પ્રવાસન સંચાલકો | (C) | કેયોની | (D) | વેલન સ્મિથે |
| 48 | આંતરરાષ્ટ્રીય પ્રવાસન સંસ્થાઓ શેનું પ્રતિનિધિત્વ કરે છે? | | | | | | | |
| | (A) | સરકાર | (B) | ખાનગીક્ષેત્ર | (C) | ઉપરના બંને | (D) | એકપણ નહીં |
| 49 | પ્રવાસન અંગેની નીતિમાં કઈ બાબતનું ધ્યાન રાખવામાં આવે છે? | | | | | | | |
| | (A) | વિકાસ | (B) | ખાવા–પીવાની | (C) | આર્થિક | (D) | ઉપરના બધાં જ |
| 50 | કયા મંડળનો હેતુ આંતરરાષ્ટ્રીય સમાજ અને સદ્દભાવને પૂર્ણરૂપે લાભપ્રદ થાય તે રીતે વિકસાવવાનો છે? | | | | | | | |
| | (A) | IATM | (B) | IATO | (C) | IATA | (D) | PATA |
| 51 | કયું સંગઠન આંતરરાષ્ટ્રીય હોટેલ એસોસિયેશનનું સભ્ય છે? | | | | | | | |
| | (A) | ITDC | (B) | IFTO | (C) | FHRAI | (D) | IATO |
| 52 | કયો એક એવો દેશ છે જયાં કોઈપણ પ્રકારના પર્યટક કાનૂન છે જ નહીં. | | | | | | | |
| | (A) | જર્મની | (B) | જાપાન | (C) | યુરોપ | (D) | એકપણ નહીં |
| 53 | કોઈપણ પરિમાણાત્મક ખ્યાલના માપન માટે શું ઉપયોગી સાધન છે? | | | | | | | |
| | (A) | સરવાળા | (B) | ટકાવારી | (C) | ગુણાકાર | (D) | આંકડાઓ |
| 54 | કુલ એકમોની ગણતરીને શું કહેવામાં આવે છે? | | | | | | | |
| | (A) | ગુણક | (B) | સમષ્ટિ | (C) | ગુણાંક | (D) | ગુણકો |
| 55 | વ્યાપના માપ તરીકે કોને ઓળખવામાં આવે છે? | | | | | | | |
| | (A) | વિચલણો | (B) | વિચલનો | (C) | ઉપરના બંને | (D) | એકપણ નહીં |
| 56 | વિચરણનો વર્ગમૂળ કયો છે? | | | | | | | |
| | (A) | ચતુર્થક વિચલન | (B) | ભૌમિતિક મધ્યક | (C) | મધ્યક વિચલન | (D) | પ્રમાણિત વિચલન |
| 57 | પ્રવાસી અવરજવર, આવકો વગેરેના ભૂતકાલીન વલણોને માપવા માટે શું વપરાય છે? | | | | | | | |
| | (A) | વૃદ્ધિ સૂચકાંક | (B) | ઋતુગત સૂચકાંક | (C) | ભાવ સૂચકાંક | (D) | ઉપરના બધાં જ |
| 58 | કયા દાયકામાં હવાઈ જહાજોમાં જેટ એન્જિન લગાવવામાં આવ્યા? | | | | | | | |
| | (A) | 1948 | (B) | 1932 | (C) | 1952 | (D) | 1950 |
| 59 | લાંબા અંતરની મુસાફરી માટે સૌથી વધુ યોગ્ય પરિવહન સાધન કયું છે? | | | | | | | |
| | (A) | રેલ્વે | (B) | જળ | (C) | હવાઈ | (D) | માર્ગ |
| 60 | ગ્રાહકોની જરૂરિયાને ઓળખવી એટલે શું? | | | | | | | |
| | (A) | બજાર વ્યવસ્થા | (B) | નાણાંકીય વ્યવસ્થા | (C) | ઉપરના બંને | (D) | એકપણ નહીં |
| 61 | કઈ સંસ્થા દર વર્ષે એક હોટલ રેસ્ટોરંટ ગાઈડ પ્રકાશિત કરે છે? | | | | | | | |
| | (A) | GIT | (B) | FITS | (C) | FIT | (D) | FHRAI |

| | |
|---|---|
| 62 | પર્યટકો માટે શું કરાવી લેવું એક મહત્વપૂર્વ કામ હોય છે?<br>(A) પ્રેસનોટ (B) અગ્રિમ આરક્ષણ (C) ઉપરના બંને (D) એકપણ નહીં |
| 63 | રસના પરની ફૂટપાથ પર બેસીને સ્મરણિકા વેચવી કયા ક્ષેત્રની એક મુખ્ય પ્રવૃત્તિ છે?<br>(A) ઔપચારિક (B) મુકતપ્રવેશ (C) અનૌપચારિક (D) ઉત્પાદન |
| 64 | ઔપચારિક અને અનૌપચારિક ક્ષેત્રો વચ્ચેની ભેદરેખા ખેંચવા માટે શું મળી રહે તે ઘણું જરૂરી છે?<br>(A) નોંધણી (B) આંકડા (C) કરવેરા (D) લાયસન્સ |
| 65 | ઔપચારિક ક્ષેત્રોમાં શાની ઉત્પાદકતા પ્રમાણમાં વધારો હોય છે?<br>(A) શ્રમ (B) મૂડી (C) વેતન (D) ઉપરના બધાં જ |
| 66 | માંગની અસ્થિરતા પ્રવાસન પ્રવૃત્તિનું કેવું અંગ છે?<br>(A) ટૂંકાગાળાનું (B) લાંબાગાળાનું (C) અનિયમિત (D) કાયમી |
| 67 | ટૂરિસ્ટ પોલીસનું કામ શું છે?<br>(A) ટ્રાફિક નિયંત્રણ કરવાનું (B) અતિથિ પર્યટકોના સહેલાણીઓની મદદ કરવાનું<br>(C) ગુના શોધવાનું (D) સજા કરવાનું |
| 68 | પ્રવાસન એજન્સીનો ખ્યાલ આધુનિક અર્થમાં કયાં ઉદ્દભવ્યો?<br>(A) અમેરિકા (B) રશીયા (C) ઈંગ્લેન્ડ (D) જાપાન |
| 69 | પ્રવાસ સંચાલકના સંકલિત પ્રવાસનું વેચાણ કોણ કરે છે?<br>(A) પ્રવાસન એજન્સી (B) એજન્ટો (C) દલાલો (D) સરકાર |
| 70 | પ્રવાસન ક્ષેત્રે સંકળાયેલ કર્મચારી કેવા હોવા જોઈએ?<br>(A) વિવેકી (B) મદદરૂપ થવાની ભાવનાવાળા (C) ઉપરના બંને (D) એકપણ નહીં |
| 71 | પ્રાથમિક રીતે પરિવહનના પ્રકાર કેટલા?<br>(A) બે (B) ચાર (C) પાંચ (D) છ |
| 72 | દેશમાં જ થતી હવાલ સફરો માટે શાનો શબ્દપ્રયોગ થાય છે?<br>(A) આંતરરાષ્ટ્રીય ટિકિટ (B) આંતરદેશીય ટિકિટ (C) રાજકીય ટિકિટ (D) એકપણ નહીં |
| 73 | હવાઈક્ષેત્રે સામાન્ય ભાડા કયા યાત્રાના વર્ગ પર આધારિત છે?<br>(A) ઈકોનોમી (B) બિઝનેસ (C) પ્રથમવર્ગ (D) ઉપરના બધાં જ |
| 74 | કયુ વિમાની ભાડુ મુસાફરોને પ્રવાસ દરમ્યાન રોકાણની છૂટ આપે છે?<br>(A) એક શહેરથી બીજા શહેરના ભાડા (B) વિદ્યાર્થી માટેનું ભાડું (C) IAC (D) આંતરદેશીય |
| 75 | ઉડ્ડયનના આરક્ષણ માટે કોઈપણ વ્યકિત કઈ બાબતથી પરિચિત હોવી જોઈએ?<br>(A) શહેરની સંજ્ઞા (B) આરક્ષણ સંજ્ઞા (C) ઉપરના બંને (D) એકપણ નહીં |
| 76 | ઉડ્ડયનક્ષેત્રે AMD સંજ્ઞા કયા શહેરની છે?<br>(A) આગ્રા (B) ઔરંગાબાદ (C) સિકંદરાબાદ (D) અમદાવાદ |
| 77 | ઉડ્ડયનક્ષેત્રે ભુવનેશ્વર શહેરની સંજ્ઞા કઈ છે?<br>(A) BHO (B) BBI (C) BHJ (D) BHU |
| 78 | ઉડ્ડયનના આરક્ષણ માટે ખાસ વિનંતી સંજ્ઞા SVC શેના માટે વપરાય છે?<br>(A) સેવા (B) વિશિષ્ટ સેવા ભરતી (C) અન્ય સેવાની માહિતી (D) એકપણ નહીં |
| 79 | એરલાઈન્સમાં કમ્પ્યૂટર ટર્મિનલ દાખલ થયા પછી આરક્ષણ શેના દ્વારા થઈ શકે છે?<br>(A) TCP (B) CRT (C) IHC (D) BSCT |
| 80 | ઉડ્ડયનક્ષેત્રે ડોલરમાં ચૂકવાતા ભાડામાં કયો ચાર્જ લેવામાં આવતો નથી.<br>(A) રીફંડ (B) સેવા–શુલ્ક (C) વહીવટી (D) રદ્દિકરણ |
| 81 | પ્રવાસીઓનો પ્રવાસ શરૂ થયા પછી પ્રવાસીઓનો કાબૂ નહી રહેતો હોવાથી કોણ જવાબદાર બને છે?<br>(A) રેલ્વે આરક્ષણ (B) એજન્ટો (C) એરલાઈન આરક્ષણ (D) ઉપરના બધાં જ |
| 82 | પ્રવાસ સંયોજક સંશોધન પ્રવાસ અને તહેવારોના પ્રવાસના આયોજનમાં કોણ અગત્યની ભૂમિકા ભજવે છે?<br>(A) પ્રવાસ સંયોજક (B) પ્રવાસન એજન્ટ (C) ઉપરના બંને (D) એકપણ નહીં |
| 83 | પ્રવાસ એજન્સી અને એજન્સી અને એરલાઈન્સ અંતરદેશીય અથવા આંતરરાષ્ટ્રીય સાથે ઉડ્ડયન આરક્ષણ માટે કોની જરૂર પડે છે?<br>(A) પ્રવાસ એજન્ટ (B) ઈન્ડિયન એરલાઈન્સ (C) પર્યટકો (D) સંકલન |

| | |
|---|---|
| 84 | હિમાલયના કયા જંગલોમાં દેવદાર, સ્પ્રુસ, કૈલ જેવા કિંમતી વૃક્ષો થાય છે?<br>(A) મોસમી જંગલો (B) શંકુદ્રુમ જંગલો (C) ગીચ જંગલો (D) વરસાદી જંગલો |
| 85 | દક્ષિણના ગરમ પ્રદેશમાં થતા કેવા કમળનું સૌંદર્ય અનોખું છે?<br>(A) ગુલાબી (B) વાદળી (C) લાલ (D) સફેદ |
| 86 | ભારતમાં સસ્તન પ્રાણીઓની કેટલી જાતો અસ્તિત્વ ધરાવે છે?<br>(A) 400 (B) 500 (C) 1200 (D) 2000 |
| 87 | આપણા દેશમાં સાપ પકડવાનું કામ કયા લોકો કરે છે?<br>(A) કલબેલિયા (B) જોગી (C) ઈરુલ્લા (D) ઉપરના બધાં જ |
| 88 | ભારતમાં પક્ષીઓની કેટલી જાતો જોવા મળે છે?<br>(A) 5000 (B) 1000 (C) 2000 (D) 1500 |
| 89 | ભારતની આબોહવા માટે કઈ ઋતુ પ્રભાવક નીવડે છે?<br>(A) ગ્રીષ્મ (B) વસંત (C) વર્ષા (D) શિયાળાની ઋતુ |
| 90 | કયા મહિનામાં સૌથી વધારે પર્યટકોનું આગમન થતુ હોય છે?<br>(A) ઓકટોબર (B) ઓગસ્ટ (C) માર્ચ (D) ડિસેમ્બર |
| 91 | બજાર વ્યવસ્થાના ખ્યાલો શેના સિવાયના ક્ષેત્રોમાં પણ પ્રસ્તુત છે?<br>(A) બજાર (B) ગ્રાહકો (C) વ્યાપાર (D) ઉપરના બધાજ |
| 92 | વસ્તુઓનું સ્વરૂપ મૂર્ત હોય છે ત્યારે સેવા કેવી હોય છે.<br>(A) વિવિધરૂપ (B) સ્વામિત્વ (C) અમૂર્ત (D) મૂર્ત |
| 93 | જેને જોઈ, જાણી, સુંઘી કે સ્પર્શી શકાતી નથી, પરંતુ એના દ્વારા ઉભી થતી અસરોથી તેને માત્ર અનુભવી શકાય છે તેને શું કહેવાય?<br>(A) વસ્તુ (B) સેવા (C) નિદાન (D) મૂલ્યાંકન |
| 94 | સેવા ઉત્પાદનમાં કોની વચ્ચે કોઈપણ પ્રકારના માલિકીપણાનું હસ્તાંતર થતુ નથી.<br>(A) વેચનાર (B) ખરીદનાર (C) ઉપરના બંને (D) એકપણ નહીં |
| 95 | વ્યક્તિગત વેચાણ એ શાનો ભાગ છે?<br>(A) પ્રચાર (B) વિજ્ઞાપન (C) જાહેરાત (D) સેવા |
| 96 | વિક્રય પ્રતિનિધિ વિકયાર્થે કોને મળે છે?<br>(A) વેપારી (B) સરકાર (C) લોકો (D) ઉત્પાદકો |
| 97 | છૂટક દૂકાનોમાં થતાં પ્રદર્શનોને શું કહેવાય?<br>(A) પહોંચ (B) પસંદગી (C) દૃશ્ય (D) પી. ઓ. પી. |
| 98 | આંતરરાષ્ટ્રીય પ્રવાસનક્ષેત્રે મુખ્યત્વે ભારત કેવું ધામ ગણાય છે?<br>(A) સાંસ્કૃતિક (B) ધાર્મિક (C) બિનસાંપ્રદાયિક (D) સાંપ્રદાયિક |
| 99 | દંતકથાઓ અને બોધવાર્તાઓ ભારતની કઈ પરંપરાઓનું અભિન્ન અંગ છે?<br>(A) ધાર્મિક (B) ભૂતકાળ (C) સાંસ્કૃતિક (D) ઉપરના બધાં જ |
| 100 | સાંચી સ્તૂપો કયાં આવેલા છે?<br>(A) લોથલ (B) હડપ્પા (C) કાલીબંગન (D) એકપણ નહીં |

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા ફેબ્રુઆરી – 2015

**સૂચના :**
1. તમામ પ્રશ્નોના જવાબ ફરજીયાત છે.
2. જયાં સુધી ખંડનિરીક્ષક ન જણાવે ત્યાં સુધી જવાબ લખવાનું શરૂ કરવું નહિ.
3. જવાબપત્રકની પાછળ આપેલ સૂચનાઓ કાળજીપૂર્વક વાંચ્યા બાદ જવાબ લખવાનું શરૂ કરવું
4. પરીક્ષાર્થીઓએ પ્રશ્નપત્ર અને જવાબપત્ર બંને ખંડ–નિરીક્ષકને એક સાથે પરત કરવાનું અનિવાર્ય છે. આથી કોઈપણ પરીક્ષાર્થીએ પ્રશ્નપત્ર પોતાની સાથે લઈ જવાનો આગ્રહ રાખવો નહિ. પ્રશ્નપત્ર સાથે લઈ જનાર વિદ્યાર્થી આ પરીક્ષા માટે ગેરલાયક ઠરશે.
5. વૈકલ્પિક પસંદગીના દરેક પ્રશ્નના ઉત્તર માટે ચાર વિકલ્પ જણાવ્યા છે. જેમાંથી એક સાચો હોવાની શકયતા છે. સાચો જવાબ પસંદ કરી જવાબપત્રકમાં યોગ્ય ખાનામાં (x) નિશાની કરો.
6. જે વિદ્યાર્થી પોતાનો સાચો નોંધણી નંબર નહીં દર્શાવે તેનું પરિણામ રદ થશે.

**અભ્યાસક્રમ : સર્ટિફિકેટ ઈન ટૂરિઝમ મૅનેજમેન્ટ (CMT)** **નોંધણી નંબર:____________**
**પાઠયક્રમ : પ્રવાસન સંચાલન (TS-03)**
**તારીખ : 18/02/2015**
**સમય : 03.00 to 06.00** **કુલ ગુણ : 100**

---

| | |
|---|---|
| 1 | 'સંચાલન એટલે બીજાઓ પાસેથી કામ કાઢવી લેવાની કળા' – આ વ્યાખ્યા કોણે આપી ?<br>(A) ટેલર (B) જ્યોર્જ આર. ટેરી (C) ફ્રેન્કલી (D) ફોલેટ |
| 2 | પોતે જે કંપનીનું નેતૃત્વ કરે છે તેની બધી જ પ્રવૃત્તિઓ માટે જવાબદાર રહે છે તે કયા મેનેજરો કહેવાય ?<br>(A) જનરલ મેનેજરો (B) કાર્ય અનુસાર મેનેજરો (C) વ્યવસ્થાકીય મેનેજરો (D) ઉપરના બધાજ |
| 3 | રોબર્ટ એલ. કત્ઝેનાં માટે મેનેજરને કેટલા મૂળભૂત કૌશલ્યોની જરૂર પડે છે ?<br>(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ |
| 4 | _________ એટલે એક નેતા તરીકે ટીમમાં સહકાર સાધવાની મેનેજરની શક્તિ.<br>(A) ટેકનીકલ કૌશલ્ય (B) યાંત્રિક કૌશલ્ય (C) માનવીય કૌશલ્ય (D) વિભાવનાત્મક કૌશલ્ય |
| 5 | સાહસનું ચોક્કસ સ્થાન નક્કી કરવાનો અગત્યનો નિર્ણય કોણ લે છે ?<br>(A) ગ્રાહકો (B) વેપારીઓ (C) ઉદ્યોગ સાહસિક (D) બજાર |
| 6 | 'બજાર એટલે જ્યાં વસ્તુઓનું વેચાણ થતું હોય તે સ્થળ' – આ વ્યાખ્યા.<br>(A) સાચી છે (B) ખોટી છે (C) પૂરતી છે (D) અધૂરી છે |
| 7 | એકાકી વેપારી પ્રથામાં નાણા એકઠા કોણ કરે છે ?<br>(A) વ્યક્તિ પોતે જ ( ) બીજી વ્યક્તિઓ (C) સરકાર (D) ગ્રાહકો |
| 8 | સંચાલનની વિભાવના અને સિદ્ધાંતોનો વિકાસ સાપેક્ષપણે શું છે ?<br>(A) આધુનિક ઘટના (B) પારંપરિક ઘટના (C) સંચાલન (D) જૂની ઘટના |
| 9 | ઉચ્ચ સપાટીના મેનેજરો એ નીતિ-વિષયક નિર્ણયો લેનાર અધિકારીઓનો કેવો સમૂહ છે ?<br>(A) મધ્યમ (B) મોટો (C) નાનો (D) અલગ |
| 10 | કોઈ એક ક્ષેત્રમાં વિશિષ્ટ જ્ઞાન નિપૂર્ણતા અને પદ્ધતિઓનો ઉપયોગ કરવાની શક્તિ એટલે............<br>(A) કૌશલ્ય (B) માનવીય કૌશલ્ય (C) વિભાવનાત્મક કૌશલ્ય (D) યાંત્રિક કૌશલ્ય |
| 11 | પ્રવર્તમાન બજાર હરીફાઈ અને દરેક હરીફના બજાર હિસ્સા વિશેની માહિતી શેમાંથી મળે છે ?<br>(A) બજાર માંગ વિશ્લેષણ (B) બજાર પુરવઠા વિશ્લેષણ (C) વેપારીઓ (D) ઉત્પાદકો |
| 12 | સભ્યો દ્વારા અનુભવાતો આંતરિક વાતાવરણનો કાયમી ગુણ જે એમના વર્તન પર પ્રભાવ પડે અને જેનું વર્ણન ખાસ કરીને સંગઠનના લક્ષણ સમૂહના મૂલ્ય તરીકે કરી શકાય –આ વિધાન કોનું છે ?<br>(A) સ્ટીફન (B) હેન્રી (C) રેનાટોતાગીઉરી (D) ફોલેટ |

| | |
|---|---|
| 13 | સામાન્ય રીતે યોજનાઓના કેટલા પ્રકારો પાડી શકાય ?<br>(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ |
| 14 | પ્રથાલક્ષી દ્રષ્ટિબિંદુ પ્રમાણે સંગઠનને કેટલા વિભાગોવાળી એક પ્રથા તરીકે જોવામાં આવે છે ?<br>(A) ત્રણ (B) પાંચ (C) છ (D) સાત |
| 15 | નિર્ણય લેવાની પ્રક્રિયા ફેલાયેલી હોય તેને શું કહેવાય ?<br>(A) વિકેન્દ્રીકરણ (B) કેન્દ્રીકરણ (C) ઓર્ડર (D) ભલામણ |
| 16 | શિક્ષાની કે લડવાની બીક વગર વ્યક્તિને નૂતન વિચારોનો પ્રયોગ કરવાની સ્વતંત્રતા આપવામાં આવે તે બાબત સંગઠન સંસ્કૃતિના કયા પાસાંનું સૂચન કરે છે ?<br>(A) સ્વાયત્તતા (B) સંઘર્ષ (C) પુરસ્કારો (D) જોખમ લેવું |
| 17 | સંગઠન માળખા અને સંગઠન સંસ્કૃતિ એ કેવા હોય છે ?<br>(A) સ્થિર હોય છે. (B) સ્થિર હોતા નથી. (C) પરસ્પર વિરોધ (D) તટસ્થ |
| 18 | કોઈક ચોક્કસ હેતુઓ સિદ્ધ કરવા એકબીજા પર આધારિત હોય અને પારસ્પરિક વ્યવહાર કરતી હોય એવી બે અથવા વધુ વ્યક્તિઓ દ્વારા શું બને છે ?<br>(A) જૂથ (B) પેઢી (C) ઉદ્યોગ (D) સંગઠન |
| 19 | ચોક્કસ પરિણામો મેળવવા માટે ઔપચારિક સત્તાઓ દ્વારા ઈરાદાપૂર્વક ઉભા કરેલા જૂથોને કયા જૂથો કહેવાય ?<br>(A) સભ્યપદ જૂથ (B) સંદર્ભ જૂથ (C) અનૌપચારિક જૂથો (D) ઔપચારિક જૂથો |
| 20 | જૂથ તેના સભ્યોને શું પૂરું પાડીને તેમના વર્તન ઉપર ઘેરી અસર ઉભી કરે છે ?<br>(A) આશ્રય (B) પુષ્ટિ (C) સલામતી (D) ઉપરના બધાજ |
| 21 | ફ્રોઈડિયન ખ્યાલોમાના ઈડ વાળી અહમ્ સ્થિતિ એટલે...........<br>(A) બાળક (B) પુખ્ત (C) વડીલ (D) ઘરડા |
| 22 | લાગણીઓ, અનુભવો અને અનુકૂલનોનું આંતરિક જગત કઈ સ્થિતિએ છે ?<br>(A) પુખ્ત અહમ્ (B) બાળ અહમ્ (C) વડીલ અહમ્ (D) ઉપરના બધાં જ |
| 23 | જૂથોની અસરકારકતા અને નિવર્તન કેવા પરિબળો પર આધાર રાખે છે ?<br>(A) પરસ્પર વિરોધી (B) પરસ્પર સંબંધિત (C) ટેકનોલોજીકલ (D) સંસ્થાકીય |
| 24 | સ્વપ્રત્યક્ષીકરણ અને બીજાઓનું તેના વિશેનું પ્રત્યક્ષીકરણને ઓળખવા માટે શેનો ઉપયોગ થાય છે ?<br>(A) પ્રત્યક્ષીકરણ (B) અંત:સ્વ (C) જોહરી વિન્ડો (D) વર્તનશૈલી |
| 25 | નાના ઉપદેશક કેવું વર્તન કરનાર હોય છે ?<br>(A) સર્જનાત્મક (B) ચાલાકીભર્યું (C) અંત:સ્ફૂરણભર્યું (D) ઉપરના બધાજ |
| 26 | જૂથોની રચના શા માટે કરવામાં આવે છે ?<br>(A) સંગઠન રચવા (B) ચોક્કસ કર્યો સિદ્ધ કરવા (C) ચોક્કસ હેતુઓ સિદ્ધ કરવા (D) આયોજન કરવા |
| 27 | ચોક્કસ પરિસ્થિતિમાં યોગ્ય અને સ્વીકાર્ય વર્તન માટેનું ખાસ માર્ગદર્શન પૂરું પડે તેને શું કહેવાય ?<br>(A) ધારાધોરણ (B) માર્ગદર્શક (C) વર્તણૂક (D) એકપણ નહીં. |
| 28 | વર્તમાનમાં મોટા ભાગના દેશો વિદેશી મુદ્રા વિકાસની પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવા,સ્થાનિક આર્થિક પરિસ્થિતિ અને રોજગારીની તકો વધારવા માટે કોણે પ્રાધાન્ય આપે છે ?<br>(A) પર્યટન (B) માનવસંસાધન (C) માનવસંચાલન (D) ઉપરના બધાજ |
| 29 | નાણાકીય સંચાલન કોને ઉપયોગી નીવડે છે ?<br>(A) શેરહોલ્ડર્સ (B) લેણદારો (C) ઉપરના બન્ને (D) એકપણ નહીં |
| 30 | નાણાકીય આયોજન નાણાની દ્રષ્ટિએ કયા બનાવોનું મૂલ્યાંકન છે ?<br>(A) વર્તમાનના (B) ભવિષ્યના (C) ભૂતકાળના (D) ઉપરનામાંથી કોઈ નહી |
| 31 | વેપાર માટેનો ચાલુ માલ, કાચો માલ, તૈયાર માલ અને અર્ધ તૈયાર માલને શું કહેવાય ?<br>(A) ચાલુ મિલકત (B) ઉત્પાદન (C) ચાલુ દેવું (D) મેળવેલ શાખ |
| 32 | પડતર શબ્દનું અર્થઘટન શેના ઉપર આધારિત છે ?<br>(A) કયા સંદર્ભમાં વપરાય છે (B) પરોક્ષ ખર્ચ (C) પ્રત્યક્ષ ખર્ચ (D) ઉપરના બધાજ |
| 33 | નાણાકીય સંચાલનના કામો કયા કયા છે ?<br>(A) નાણાકીય જરૂરિયાતોનું અનુમાન કરવું (B) નાણાકીય જરૂરિયાતોનું વર્ગીકરણ કરવું<br>(C) ઉપરમાંથી એકપણ નહીં. (D) ઉપરના બંને |

| | |
|---|---|
| 34 | કયો ખર્ચ સરળતાથી ઓળખવામાં આવે છે કે ઉત્પાદિત વસ્તુ અને સેવા માટે હોય છે ?<br>(A) પરોક્ષ ખર્ચ (B) પ્રત્યક્ષ ખર્ચ (C) સ્થિર ખર્ચ (D) અસ્થિર ખર્ચ |
| 35 | કોઇપણ ધંધામાં રોકડની જરૂરિયાતનો સાચો અંદાજ..........<br>(A) જરૂરી નથી (B) આવી શકે છે (C) જરૂરી છે (D) આવી શકતો નથી |
| 36 | ક્રિયા એ વ્યવસ્થાતંત્રની કઈ પ્રવૃત્તિ છે ?<br>(A) એકમલક્ષી (B) હેતુલક્ષી (C) બહુલક્ષી (D) ઉપરના બધાજ |
| 37 | ચોખ્ખો નફો અથવા ચોખ્ખા નુકશાનની જાણકારી માટે શાનો ઉપયોગ કરવામાં આવે છે ?<br>(A) નફાનુકશાન ખાતા (B) આવક ખાતા (C) જાવક ખાતા (D) નુકશાન ખાતા |
| 38 | ધંધાના સંચાલનથી છેવટની માલિકીની મૂડીમાં ઘટાડો થાય તો તેની ગણતરી શેમાં થાય છે ?<br>(A) ખર્ચ (B) આવક (C) નફો (D) નુકશાન |
| 39 | મૂડીમાં ફાળો અને જાળવી રાખેલ કમાણીના સરવાળાને શું કહેવાય ?<br>(A) મિલકતો (B) માલિકીની મૂડી (C) જવાબદારીઓ (D) એકપણ નહી |
| 40 | નફા અને નુકશાન ખાતુ એ પાકા સરવૈયાનો કયો હિસ્સો છે ?<br>(A) આંતરિક (B) બાહ્ય (C) નકામો (D) અડધો |
| 41 | કુલ વેચાણમાં હિસાબી વર્ષ દરમ્યાન શેનો સમાવેશ કરવામાં આવે છે ?<br>(A) વેચાણમાં આવેલી બધી વેપારી વસ્તુઓ (B) સેવાઓની કુલ વેચાણ કિંમત<br>(C) ઉપરના બંને (D) એકપણ નહીં. |
| 42 | ધંધાકીય એકમ પોતાની સાથે સંકળાયેલા પક્ષકારોને નાણાકીય પત્રકો અને અહેવાલ દ્વારા કઈ માહિતી પૂરી પાડે છે ?<br>(A) નુકસાનખાતું (B) ધંધાકીય માહિતી (C) કાચું સરવૈયું (D) નાણાકીય માહિતી |
| 43 | પ્રવાસ આયોજનની કંપનીની સ્થાપના કરતાં પહેલા શાની તૈયારી રાખવી પડે છે ?<br>(A) જોખમ ઉઠાવવાની (B) જોખમ ટાળવાની (C) નફો કરવાની (D) ફરવાની |
| 44 | પ્રવાસન આયોજક કંપનીના સંચાલકે શાનું જ્ઞાન મેળવી લેવું અનિવાર્ય છે ?<br>(A) પ્રવાસન બજારો (B) પ્રવાસનના પ્રવાહો (C) પ્રવાસનનું સ્વરૂપદર્શન (D) ઉપરનાં બધાજ |
| 45 | જે પ્રવાસ આયોજકો પ્રવાસ, નિવાસ-વ્યવસ્થા તથા અન્ય સેવાઓને સમાવતું રાબેતા મુજબનું પ્રવાસ પેકેજ તૈયાર કરે છે તેને કયા આયોજકો કહેવાય ?<br>(A) સામૂહિક બજાર આયોજકો (B) વિશિષ્ટ પ્રવાસ આયોજકો<br>(C) કંપની આયોજકો (D) નિયમિત આયોજકો |
| 46 | વર્ષના અંતે કંપની તમામ બીલોની ચુકવણી કરી દે એ પછી, કરવેરા ચૂકવી દીધા બાદ એની પાસે જે કંઈ શેષ રહે છે એને શું કહેવાય ?<br>(A) મૂડી (B) સરવૈયું (C) નફો (D) નુકસાન |
| 47 | ભારત સરકારનું કયું ખાતું પ્રવાસન એજન્સીઓને ધંધાના વિકાસ માટે પ્રચારપત્રિકાઓ, પ્રવાસન સંબંધી માહિતી, આંકડાકીય વિગતો તથા અન્ય જરૂરી સાહિત્ય પૂરું પડે છે ?<br>(A) ગૃહ ખાતુ (B) પ્રવાસન ખાતુ (C) નાણાં ખાતુ (D) વિદેશ ખાતુ |
| 48 | મોટી અને વૈભવી હોટલો વ્યક્તિગત અને સંસ્થાકીય ગ્રાહકો દ્વારા સેવાઓ અંગે પૂછપરછ કરવામાં આવે ત્યારે એ માટે જે રકમ વસૂલ કરવામાં આવે છે તેને શું કહેવાય ?<br>(A) હોટલ રેટ (B) ફૂલબોર્ડ રેટ (C) રેકરેટ (D) હાફ બોર્ડ રેટ |
| 49 | જે સ્થળે પ્રવાસી પ્રવાસ કરી રહ્યો હોય તે શું કહેવાય ?<br>(A) ડેસ્ટિનેશન (B) ચેક ઈન (C) ચેક આઉટ (D) ઓરિજીન |
| 50 | વિમાની મથકે ચકાસણી અને પરીક્ષણમાંથી પસાર થઈ ચૂકેલા માલ-સમાન ઉપરાંત મુસાફરને કઈ વસ્તુઓ લઇ જવાની છૂટ હોય છે ?<br>(A) પાંચ કિલો વજન (B) છ કિલો વજન (C) ખભે લટકાવેલી (D) એક કિલો વજન |
| 51 | પ્રવાસ માટે જારી કરવામાં આવેલી વિમાની સેવાની ટિકિટ એક _________ છે.<br>(A) દસ્તાવેજ (B) કાગળ (C) વિગત (D) જવાબદારી |
| 52 | વાઉચર જારી કરીને એજન્ટ સેવા પૂરી પડનારને વાઉચરમાં જણાવેલી સેવાઓ પૂરી પાડવા અધિકૃત કરે છે અને એ સેવાઓ બદલ પાછળથી ચૂકવણી કરવાની બાંયધરી આપે તેને શું કહેવાય ?<br>(A) એજન્ટ (B) નિયંત્રક વાઉચર (C) પ્રવાસન સંસ્થા (D) અધિકૃતીકારણ |
| 53 | વ્યવસાયિક પ્રવાસનની માંગ મોટા ભાગે કેવી હોય છે ?<br>(A) શહેરલક્ષી (B) ગ્રામ્યલક્ષી (C) રાષ્ટ્રીય (D) આંતરરાષ્ટ્રીય |

| | |
|---|---|
| 54 | પ્રવાસન વ્યવસાયમાં સ્થળોની વચ્ચે અધિવેશન ધંધાકીય મેળાવડા, પ્રદર્શન અને વિશિષ્ટ આયોજન વગેરે શા માટે કરવામાં આવે છે ?<br>(A) હરીફોને આકર્ષવા (B) નફો કમાવવા (C) પ્રવાસીઓને આકર્ષવા (D) ઉપરના બધાજ |
| 55 | વ્યવસાયિક મુસાફરીને કયા વ્યવસાયની સાથે જોડવામાં આવે છે ?<br>(A) કન્વેન્શન (B) પ્રવાસન (C) બજાર (D) સંચાલન |
| 56 | મોટાભાગના વ્યવસાયિક પ્રવાસીઓ કયા વર્ગમાં પ્રવાસ કરતાં હોય છે ?<br>(A) લોઅર વર્ગ (B) ઉચ્ચ વર્ગ (C) સેકન્ડ વર્ગ (D) ઉપરના બધાજ |
| 57 | મેળાવડાઓ અને નિદર્શનોની બાબતમાં કયા ઉદ્યોગની ભૂમિકા મહત્વની હોય છે ?<br>(A) કાપડ (B) પ્રદર્શન (C) વાહનવ્યવહાર (D) બાંધકામ |
| 58 | ઉપહારગૃહના ચોપડાઓ રાખવાની સંહતિ મુખ્યત્વે કોનું વર્ગીકારણ કરે છે ?<br>(A) આવક (B) ખર્ચ (C) ઉપરના બન્ને (D) એકપણ નહીં. |
| 59 | પરિવહન એ કયા ઉદ્યોગનું મુખ્ય અંગ છે ?<br>(A) વાહનવ્યવહાર (B) પ્રવાસન ઉદ્યોગ (C) ટ્રાન્સપોર્ટ (D) ઉપરના બધાજ |
| 60 | એરલાઈન્સના ચલનોની વાણિજ્યિક શક્યતા અને નાણાકીય સદ્ધરતાનો આધા શેના ઉપર છે ?<br>(A) નાણાકીય બાબતો (B) કર્મચારીઓ (C) પાયલોટ (D) નફાકારકતાની ક્ષમતા |
| 61 | એરલાઈન્સનું પડતરનું માળખું કેટલા વિભાગમાં વહેચાયેલું છે ?<br>(A) બે (B) ત્રણ (C) ચાર (D) છ |
| 62 | વર્તમાનમાં ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણને પરિણામે એરલાઈન્સ પર શું અસર થઈ છે ?<br>(A) નફો વધ્યો છે. (B) ધંધો ઘટ્યો છે. (C) નવા પડકારો ઉભા થયા છે. (D) હરીફાઈ ઘટી છે. |
| 63 | આહાર સેવા ચાલનની ગુણવત્તાનું સર્જન અને નિભાવની સાતત્યતા માટે કયું પરિબળ જરૂરી છે ?<br>(A) અપેક્ષાઓ (B) જૂથ અભિગમ (C) વ્યક્તિ સેવા (D) પેદાશ સેવા |
| 64 | ઉપહાર ગૃહમાં પીરસવામાં આવનારૂં ભોજન ઉપહારગૃહના ચલનની કેવી બાબત છે ?<br>(A) જરૂરી (B) બિનજરૂરી (C) મૂળભૂત (D) ઉપરના બધાજ |
| 65 | આહાર સેવા રસોડાનું કોઈપણ ચાલન એ કોના જેવું હોય છે ?<br>(A) દુકાન (B) ફેક્ટરી (C) વેપારી (D) ગ્રાહક |
| 66 | ઉપહારગૃહની બજાર ક્રિયાના સાધનો કયા છે ?<br>(A) અંકુશ (B) નફાકારકતા (C) સેવા (D) જાહેરાત |
| 67 | જયારે ધ્યેય સિધ્ધ કરવામાં બે કે બે કરતાં વધારે વ્યકિતઓના સહિયારા પ્રયાસોની જરૂર પડતી હોય ત્યારે શું રચાય છે?<br>(A) ઉદ્યોગ (B) સંગઠન (C) પેઢી (D) ઉપરના બધાજ |
| 68 | કોના પરિવર્તનોની અસર સંગઠનો પર થાય છે?<br>(A) વ્યકિત (B) પેઢી (C) સમાજ (D) સરકાર |
| 69 | પ્રવાસન ઉદ્યોગમાં જેમજેમ સંગઠનનો વિકાસ થતો જાય તેમતેમ કાર્યો અને જવાબદારીઓની સોંપણી કેવી રીતે કરવી પડે?<br>(A) ઔપચારિક (B) અનૌપચારિક (C) ખોટી રીતે (D) એકપણ નહિ |
| 70 | સંકુલતાના કયા વિભેદીકરણમાં એકમો વચ્ચેના ભેદનું પ્રમાણ લક્ષમાં લેવાય છે?<br>(A) વિષમસ્તરીય (B) સમસ્તરીય (C) સ્થાનીય (D) ઉપરના બધાંજ |
| 71 | મોટાં કાર્યને નાની નાની સાદી ક્રિયાઓમાં વિભાજીત કરવામાં આવે તેને શું કહેવાય?<br>(A) વહિવટ (B) કાર્ય વિભાજન (C) વિભાજન (D) કુશળતા |
| 72 | સંગઠનોને સમજવાની પ્રક્રિયા અને સંગઠન માળખાની પસંદગીની પ્રક્રિયા એ _______ ચાલતી પ્રક્રિયાઓ છે.<br>(A) સતત (B) અસતત C) તૂટક (D) અસ્થિર |
| 73 | સંકુલતાના વિભેદીકરણના કેટલાં સ્વરૂપો છે?<br>(A) એક (B) બે (C) ત્રણ (D) ચાર |
| 74 | ઉચ્ચ કક્ષાએ જ નિર્ણય લેવાય અને નીચેની કક્ષાએ માત્ર સૂચનોનો અમલ જ કરવાનો હોય તેને શું કહેવાય?<br>(A) વિકેન્દ્રીકરણ (B) કેન્દ્રિકરણ (C) ભલામણ (D) ઓર્ડર |
| 75 | સંસ્થા એ કેવા જૂથોનો સમૂહ છે?<br>(A) ઘણાં નાના નાના (B) ઘણાં મોટાં મોટાં (C) ખૂબ નાના (D) ખૂબ મોટા |

| | |
|---|---|
| 76 | સંસ્થાકીય કામગીરી સુધારવા માટે શું સમજવું જરૂરી છે?<br>(A) જૂથોનું સ્વરૂપ (B) જૂથોનું વર્તન (C) જૂથોમાં ચાલતો પારસ્પરિક વ્યવહાર (D) ઉપરનાં બધંજ |
| 77 | કયા જૂથોની રચના ઇરાદાપૂર્વક કરવામાં આવતી નથી?<br>(A) અનૌપચારિક (B) ઔપચારિક (C) સભ્યપદ (D) સંદર્ભ જૂથ |
| 78 | બધાં નાના જૂથો એ પ્રાથમિક જૂથો હોતાં નથી, પરંતુ બધાં પ્રાથમિક જૂથો કેવા હોય છે?<br>(A) મોટા (B) નાના (C) મધ્યમ (D) ખોટા |
| 79 | જૂથમાં આંતરિક કાર્યોનો હેતુ શું સિધ્ધ કરવાનો હોય છે?<br>(A) મૂલ્યો (B) નિર્ધારિત ધ્યેયો (C) ધારા ધોરણો (D) નીતિમત્તા |
| 80 | સ્વપ્રત્યક્ષીકરણ અને બીજાઓનું તેના વિશેનું પ્રત્યક્ષીકરણને ઓળખવા માટે શેનો ઉપયોગ થાય છે?<br>(A) પ્રત્યક્ષીકરણ (B) અંતઃસ્વ (C) જોહરી વિન્ડો (D) વર્તન શૈલી |
| 81 | સિગમંડ ફ્રોઇડે માનવ વ્યકિતત્વના કયા સ્રોતોની વાત કરી છે?<br>(A) ઉદ્દીપ્ત (B) દેખરેખ (C) નિયંત્રણ (D) ઉપરના બધાંજ |
| 82 | ફ્રોઇડીયન ખ્યાલોમાંના સુપર ઇગોવાળી અહમ્ સ્થિતિ એટલે<br>(A) વડીલ (B) પુખ્ત (C) ઘરડા (D) બાળક |
| 83 | બાળ અહમ્ સ્થિતિ એ નીચેનામાંથી શાનું આંતરિક જગત નથી.<br>(A) લાગણીઓ (B) અનુભવો (C) અનુકૂલનો (D) ચિંતા |
| 84 | પર્યટન વ્યવસાયના ઉપભોકતાઓ સેવા કે ઉત્પાદનની સાથે બીજું શું મેળવે છે?<br>(A) કર્મચ રીનો અનુભવ (B) સેવાની ગુણવત્તા (C) ઉપરના બન્ને (D) એકપણ નહી |
| 85 | પ્રત્યક્ષ ખર્ચ અને પરોક્ષ ખર્ચનો સરવાળો કરવાથી શું પ્રાપ્ત થાય છે?<br>(A) સ્થિરખર્ચ (B) કુલખર્ચ (C) અસ્થિર ખર્ચ (D) વાસ્તવિક ખર્ચ |
| 86 | માનવશાસ્ત્ર અને માલસામગ્રી અને સાધનના વપરાશ માટેની પધ્ધતિસરની યોજનાને શું કહેવામાં આવે છે?<br>(A) વ્યવસ્થાતંત્ર (B) નાણાકીય આયોજન (C) અંદાજપત્ર (D) એકપણ નહી |
| 87 | નાણાકીય સંચાલનના પ્રાથમિક કાર્યો કેટલા?<br>(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ |
| 88 | ચાલુ મિલકત એટલે વેપાર માટેનો<br>(A) ચાલુ માલ (B) કાચો માલ (C) તૈયાર માલ (D) ઉપરના બધાંજ |
| 89 | કયો ખર્ચ સરળતાથી ઓળખવામાં આવે છે કે જે ઉત્પાદિત વસ્તુ અને સેવા માટે હોય છે?<br>(A) પ્રત્યક્ષ ખર્ (B) પરોક્ષ ખર્ચ (C) સ્થિર ખર્ચ (D) અસ્થિર ખર્ચ |
| 90 | ______ એ પેઢીની નાણાંકીય પરિસ્થિત દર્શાવતો મહત્વનો દસ્તાવેજ છે.<br>(A) કાચુ સરવૈયુ (B) પાકુ સરવૈયુ (C) લોન (D) દેવુ |
| 91 | કુલ વેચાણમાંથી પરત કરવામાં આવેલ માલનું મૂલ્ય અને વળતરને બાદ કરવામાં આવે ત્યાર પછી જે રકમ વધે છે તેને શું કહેવામાં આવે છે?<br>(A) ચોખ્ખુ વેચાણ (B) કુલ વેચાણ (C) કાચો નફો (D) આવક |
| 92 | ઉછીના લીધેલાં નાણાં ઉપર પેઢીએ ચૂકવેલી સ્થિર ખર્ચ ને શું કહેવામાં આવે છે?<br>(A) વેચેલ માલની પડતર (B) વ્યાજ (C) સમારકામ ખર્ચ (D) સુધારાત્મક ખર્ચ |
| 93 | જે મિલ્કતો ટૂંકાગાળામાં જ રોકડમાં રૂપાંતર થતી હોય તેને શું કહેવાય?<br>(A) ચાલુ જવાબદારીઓ (B) કાયમી મિલકતો (C) ચાલુ મિલકતો (D) ઉપરના બધાંજ |
| 94 | બજાર જૂથ અંગેના લક્ષ્ય અંગેની કાર્યપ્રણાલી અને અપેક્ષાઓના સંદર્ભમાં માહિતી એકઠી કરવામાં આવે તેને શું કહેવામાં આવે છે?<br>(A) બજાર-સર્વેક્ષણ (B) વલણ વિશ્વલેષણ (C) સહ-સંબંધિત વિશ્વલેષણ (D) બજારક્રિયા |
| 95 | નફા-નુકસાનખાતુ એ નાણાકીય પત્રકોમાંનું જ શું છે?<br>(A) આવક-જાવક (B) નફાપત્રક (C) નુકસાન ખાતુ (D) નાણાકીય પત્રક |
| 96 | સંશયિત દેવાની ઉઘરાણીની રકમની ગણતરી કોના આધારે કરવામાં આવે છે?<br>(A) આવક (B) રોકડ (C) ખર્ચ (D) નફો |
| 97 | ધંધાના સંચાલનથી છેવટની માલિકીની મૂડીમાં વધારો થાય તો તેની ગણતરી શેમાં થાય છે?<br>(A) જાવક (B) આવક (C) નુકસાન (D) ખર્ચ |

| | |
|---|---|
| 98 | જવાબદારીઓ અને માલિકીની મૂડીના સરવાળાને શું કહેવામાં આવે છે?<br>(A) જાળવી રાખેલ કમાણી (B) મૂડીમાં ફાળો (C) ખર્ચ (D) મિલકતો |
| 99 | નફા અને નુકસાનખાતુ એ કોનો આંતરિક હિસ્સો છે?<br>(A) જવાબદારીઓ (B) પાકા સરવૈ ા (C) કાચા સરવૈયા (D) મિલકતો |
| 100 | પ્રવાસ-આયોજકોને ઊંચા ભાવની આંકણી દ્વારા જે વધારાની રકમ મળે તેને શું કહેવામાં આવે છે?<br>(A) ખરીદક્ષમતા (B) નેટરેટ (C) માર્ક-અપ (D) નફો |

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

## સત્રાંત પરીક્ષા ફેબ્રુઆરી – 2015

**સૂચના :**
1. તમામ પ્રશ્નોના જવાબ ફરજીયાત છે.
2. જયાં સુધી ખંડનિરીક્ષક ન જણાવે ત્યાં સુધી જવાબ લખવાનું શરૂ કરવું નહિ.
3. જવાબપત્રકની પાછળ આપેલ સૂચનાઓ કાળજીપૂર્વક વાંચ્યા બાદ જવાબ લખવાનું શરૂ કરવું
4. પરીક્ષાર્થીઓએ પ્રશ્નપત્ર અને જવાબપત્ર બંને ખંડ–નિરીક્ષકને એક સાથે પરત કરવાનું અનિવાર્ય છે. આથી કોઈપણ પરીક્ષાર્થીએ પ્રશ્નપત્ર પોતાની સાથે લઈ જવાનો આગ્રહ રાખવો નહિ. પ્રશ્નપત્ર સાથે લઈ જનાર વિદ્યાર્થી આ પરીક્ષા માટે ગેરલાયક ઠરશે.
5. વૈકલ્પિક પસંદગીના દરેક પ્રશ્નના ઉત્તર માટે ચાર વિકલ્પ જણાવ્યા છે. જેમાંથી એક સાચો હોવાની શકયતા છે. સાચો જવાબ પસંદ કરી જવાબપત્રકમાં યોગ્ય ખાનામાં (x) નિશાની કરો.
6. જે વિદ્યાર્થી પોતાનો સાચો નોંધણી નંબર નહીં દર્શાવે તેનું પરિણામ રદ થશે.

**અભ્યાસક્રમ : સર્ટિફિકેટ ઈન એન્વાયરમેન્ટ સ્ટડીઝ (CES)**

**નોંધણી નંબર :** ________________

**પાઠયક્રમ : પારસ્પરિકતા, પર્યાવરણ અને પ્રવાસ (TS-05)**
**તારીખ : 18/02/2015**
**સમય : 03.00 to 06.00** **કુલ ગુણ : 70**

---

| | |
|---|---|
| 1 | પૃથ્વી પર ઉર્જાનો મુખ્ય સ્ત્રોત કયો છે?<br>(A) સૌર વિકિરણો (B) વાયુવિલય (C) ઓકિસજન (D) કાર્બનડાયોકસાઈડ |
| 2 | જૈવિક સંગઠનને એના સમગ્રજીવનકાળ દરમ્યાન અસર કરનાર દરેક પરિબળને શું કહેવાય?<br>(A) પર્યાવરણ (B) વાતાવરણ (C) આવરણ (D) જીવાવરણ |
| 3 | વનસ્પતિઓ તેમજ અન્ય સમુદાયોને જરૂરી એવા ખનીજ તત્વોનો સંગ્રહ કોણ કરે છે?<br>(A) પાણી (B) વાતાવરણ (C) જમીન (D) પથ્થર |
| 4 | દરેક સંગઠન જૈવિક અને ________ બાબતોને પરસ્પર સાંકળતી એક આખીય રચનાનો ભાગ છે.<br>(A) અજૈવિક (B) પરિસ્થિતિ વિજ્ઞાન (C) પર્યાવરણ (D) પારિતંત્ર |
| 5 | વિષુવવૃત્ત પર હવામાન કેવું હોય છે?<br>(A) ખૂબ જ ગરમ (B) ખૂબ જબ ઠંડુ (C) ઠંડુ (D) ગરમ |
| 6 | હવામાન, તાપમાન, અવક્ષેપણ, મૌસમીય વિષમતા અને પવન એ સમપર્યાવરણીય પ્રદેશોની રચનાને અસર કરતાં પરિબળો કયા છે?<br>(A) માધ્યમિક (B) પ્રાથમિક (C) નકારાત્મક (D) હકારાત્મક |
| 7 | વનસ્પતિની બાષ્પોત્સર્જનની પ્રક્રિયા શેનાથી અસર પામે છે?<br>(A) પાણી (B) વાતાવરણ (C) જમીન (D) પવન |
| 8 | પ્રવાસન ઉદ્યોગ એ<br>(A) રોજગારી પેદા કરે છે (B) વિદેશી ચલણ કમાવી આપે છે<br>(C) મૂડી રોકાણને પ્રોત્સાહન આપે છે (D) ઉપરના બધા જ |
| 9 | હરિતગૃહની અસરમાં ભાગ ભજવનાર વાયુઓ કેટલા છે?<br>(A) ત્રણ (B) ચાર (C) પાંચ (D) છ |
| 10 | પ્રવાસન અને ________ પરસ્પર રીતે સંકળાયેલા છે.<br>(A) એજન્ટો (B) પર્યાવરણ (C) પર્યટકો (D) ઉપરના બધા જ |
| 11 | જીવનની મૂળભૂત અને પ્રાથમિક જરૂરિયાત કઈ છે?<br>(A) ઊર્જા (B) સૂર્યપ્રકાશ (C) રહેઠાણ (D) A અને B |
| 12 | એન્ટાકટિર્કામાં પ્રવાસન નૈકાઓ કચરો કયાં ઠલવે છે?<br>(A) જમીન પર (B) પાણીમાં (C) દરિયામાં (D) ભૂગર્ભમાં |

| | |
|---|---|
| 13 | મનુષ્યો તેમની આસપાસના પરિસરમાંની વનસ્પતિ અને ________નો ઉપયોગ કરતાં રહ્યાં છે.<br>(A) જીવસૃષ્ટિ (B) પ્રાણીસૃષ્ટિ (C) ભૂપૃષ્ઠ (D) વાતાવરણ |
| 14 | ભારતીય ગૃહોમાં કોને રહેઠાણના અનિવાર્ય અંશ તરીકે ગણવામાં આવેલ છે.<br>(A) વૃક્ષ (B) તુલસી (C) પીપળો (D) ફૂલ |
| 15 | કોણ અમેરિકાથી શરૂ થતાં અર્થસભર પ્રવાસમાં જોડાઈને પ્રવાસ કરે છે?<br>(A) નિવૃત્ત વ્યક્તિઓ (B) મહિલાઓ (C) A અને B (D) એકપણ નહીં |
| 16 | ભારતીય મૌખિક પરંપરામાં કોને એક જીવંત અસ્તિત્વ તરીકે માનવામાં આવ્યું છે?<br>(A) પર્યાવરણ (B) વાતાવરણ (C) આવરણ (D) જીવાવરણ |
| 17 | કુદરતી સંસાધનો માટેની માનવીની જરૂરિયાતોનું સૌથી વધુ વિસ્તરણ કયારે થયું?<br>(A) ઔદ્યોગિક ક્રાંતિ પછી (B) ઔદ્યોગિક ક્રાંતિ પહેલાં (C) 1540 (D) 2001 |
| 18 | વિકાસમાં પ્રવાસનની ભૂમિકાના પૃથક્કરણના મુખ્ય અભિગમો કેટલા છે?<br>(A) બે (B) પાંચ (C) છ (D) આઠ |
| 19 | પ્રાચીન ભારતીય મૌખિક પરંપરામાં વિશ્વને કેટલા ભાગમાં વિભાજીત કરાયેલ છે.<br>(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ |
| 20 | મોટર વાહન અને ખનીજતેલ સહિત કયો ઉદ્યોગ આંતરરાષ્ટ્રીય વ્યાપારના ત્રણ મહત્વના પ્રકારો પૈકીનો એક છે?<br>(A) દરિયાઈ વ્યવહાર (B) પ્રવાસન (C) લોખંડ (D) કાપડ |
| 21 | આજે દુનિયામાં ટુરીઝમ એ સૌથી વધુ મહત્વની સામાજિક અને _______ પ્રવૃત્તિ બની રહી છે.<br>(A) સાંસ્કૃતિક (B) આર્થિક (C) ભૌગોલિક (D) એકપણ નહીં |
| 22 | ભારતીય વૈશ્વિક દૃષ્ટિમાં તેમજ અન્ય પ્રાચીન સંસ્કૃતિઓમાં પૃથ્વી પર જીવની ઉત્પત્તિ શેમાંથી થાય છે?<br>(A) નિર્જીવ ખનીજો (B) શાશ્વતપાણી (C) પ્રાણીજન્ય પદાર્થો (D) વાયુ |
| 23 | પ્રવાસન ઉદ્યોગ રોજગારી ઉત્પન્ન કરવાની સાથે સાથે<br>(A) મૂડીરોકાણને પ્રોત્સાહન આપે છે<br>(B) વિદેશી ચલણ કમાવી આપે છે<br>(C) નાના ધંધા રોજગારના વિકાસ માટે તકો પૂરી પાડે છે<br>(D) ઉપરના બધા જ |
| 24 | નકારાત્મક, સામાજિક અને પર્યાવરણીય અસરોને ઘટાડીને વધુમાં વધુ આર્થિક લાભ મળી શકે એ રીતે વ્યવસ્થિત ગોઠવણીવાળો ઉદ્યોગ એટલે,<br>(A) ટકાઉ પ્રવાસન (B) પ્રવાસન (C) A અને B (D) ફક્ત B |
| 25 | પ્રવાસન ઉદ્યોગ પોતાનો _______વધારવાના બજારૂ સાધન તરીકે જવાબદાર પ્રવાસનનો સૂત્ર તરીકે ઉપયોગ કરે છે.<br>(A) ખર્ચ (B) નફો (C) ધંધો (D) બોજો |
| 26 | ભેજવાળા પ્રદેશો અનેકવિધ પ્રકારની વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિનું ________ છે.<br>(A) ઉત્પત્તિ બિંદુ (B) પર્યાવરણ (C) પર્યટકો (D) ઉપરના બધાં જ |
| 27 | સાંકૃતિક ઉત્સવ પ્રવાસ, અધ્યયન પ્રવાસ, વિકાસ પ્રોજેકટનો પ્રવાસ એકબીજા સાથે _________.<br>(A) ગાઢ રીતે સંકળાયેલ છે (B) સંકળાયેલ નથી (C) કોઈ જ સંબંધ નથી (D) એકપણ નહીં |
| 28 | 'કુદરતનું કાર્ય માનવ જાતિની સેવા કરવાનું જ છે તેથી કુદરતનું શોષણ કરવું તે કાયદેસરનો અને કુદરતી અધિકાર છે' – આ માન્યતા કોની છે?<br>(A) જયુડો–ખ્રિસ્તી (B) ચાર્લ્સ ડાર્વિન (C) આલ્ફ્રેડ વાલે (D) જહોન |
| 29 | પ્રવાસીઓને આવકારતા સમુદાયોની વસ્તી એ પર્યટકોના આવન–જાવન તથા કોની સાથે સંકળાયેલી હોય છે?<br>(A) આવક (B) રહેઠાણ (C) ખર્ચ (D) ભાડુ |
| 30 | જેઈમ્સ, આર. મૅક ગ્રો ગો રે 'ટકી શકે તેવો વિકાસ' નામનો લેખ કઈ સાલમાં પ્રસિદ્ધ કર્યો?<br>(A) 1992 (B) 1994 (C) 1993 (D) 1991 |
| 31 | સમગ્ર વિશ્વના દેશોમાં પર્યાવરણીય કટોકટીના કયા પાસાઓનો આપણે સામનો કરી રહ્યા છીએ?<br>(A) વૈજ્ઞાનિક (B) તક્નિકી (C) ભૌગોલિક (D) ઉપરના બધા જ |
| 32 | સર્વ આંતરમાળખાકીય સુવિધાઓનો વિકાસ ભવનની કઈ બાજુ કરવો જોઈએ?<br>(A) ડાબી બાજુ (B) જમણી બાજુ (C) ચારે બાજુ (D) વચ્ચે |
| 33 | પ્રવાસન વિકાસ એ અર્થશાસ્ત્ર ઉપરાંત કયા વિષય સાથે સંબંધ ધરાવે છે?<br>(A) ભૂગોળ (B) સમાજશાસ્ત્ર (C) માનવવિજ્ઞાન (D) ઉપરના બધા જ |

| | |
|---|---|
| 34 | જો દેશના કેટલાંક ભાગોમાં પ્રવાસન વિકસિત કરવામાં આવે તો ભૌગોલિક દૃષ્ટિએ _____ વિકૃતિઓ ઉત્પન્ન થઈ શકે છે.<br>(A) આર્થિક (B) સામાજિક (C) રાજકીય (D) રાષ્ટ્રીય |
| 35 | પરંપરાગત રીતે પ્રવાસનને કઈ પ્રવૃત્તિ ગણવામાં આવે છે?<br>(A) આર્થિક પ્રવૃત્તિ (B) ધાર્મિક પ્રવૃત્તિ (C) સામાજિક પ્રવૃત્તિ (D) માનવ પ્રવૃત્તિ |
| 36 | વાહનવ્યવહાર પરંપરાગત સાધનો કયા છે?<br>(A) રેલ્વે (B) પાકારસ્તા (C) હવાઈમાર્ગો (D) ઉપરના બધા જ |
| 37 | પર્વતીય શહેરમાં પ્રવાસીઓના એક પ્રવાસન જગ્યાએથી જવા–આવવા માટે કયા નેટવર્કનો ઉપયોગ એક નવી બાબત હશે.<br>(A) મોબાઈલ (B) રેલ્વે (C) રોપ–વે (D) હવાઈમાર્ગ |
| 38 | જયારે માનવવસ્તી ઝડપથી વધી રહી હોય ત્યારે શાનો વિનાશ અનિવાર્ય બાબત છે.<br>(A) પર્યાવરણ (B) માનવી (C) ઉદ્યોગો (D) એકપણ નહીં |
| 39 | ખજૂરાહો અત્યારે ભારતના _______ ઐતિહાસિક સ્થાનો પૈકીનું એક ગણાય છે.<br>(A) શ્રેષ્ઠ (B) મોંઘા (C) A અને B (D) એકપણ નહીં |
| 40 | કઈ સરકાર પ્રવાસનની વિસ્તરતી દુનિયામાં તેના યોગ્ય આયોજન ઉપર ખૂબ જ અધિક ધ્યાન આપે છે?<br>(A) પ્રાદેશિક (B) રાષ્ટ્રીય (C) A અને B (D) એકપણ નહીં |
| 41 | વધુને વધુ મોટી સંખ્યામાં જીવવાની તથા આગળના લોકોએ ભોગવેલા હોય તેથી વધુ જીવન ધોરણથી જીવવાની મનુષ્યની ઈચ્છાને પરિણામે શાની સમસ્યા ઉદ્દભવે છે?<br>(A) પૂરવઠાની (B) પર્યાવરણની (C) માંગની (D) એકપણ નહીં |
| 42 | કયા દેશમાં 'સેન્ટ ફ્લોરિસ નેચરલ પાર્ક' ને પ્રવાસીઓ માટે ખુલ્લા મૂકી દઈને વન્ય જીવન માટે અસરકારક સુરક્ષા ઉપલબ્ધ કરી છે?<br>(A) દક્ષિણ અમેરીકા (B) ઉત્તર અમેરિકા (C) મધ્ય આફ્રિકા (D) ઉત્તર આફ્રિકા |
| 43 | કોઈપણ પ્રવાસી સ્થળની ભૌતિક વિકાસ યોજનાનો મૂળભૂત ઉદ્દેશ પ્રવાસીઓને ________ કરવાનો હોય છે.<br>(A) આકર્ષિત (B) છેતરવાનો (C) ફાયદો (D) નુકસાન |
| 44 | પૂર્વ સંસ્થાનિક સમયમાં ગ્રામ પરિષદ પોતે જ મોટા ભાગે કઈ બાબતને નિયંત્રિત કરતી હતી?<br>(A) આર્થિક (B) સામાજિક (C) A અને B (D) એકપણ નહીં |
| 45 | સંસ્થાનવાદ અને સામ્રાજયવાદ ઉપરાંત શેનાથી પર્યાવરણ પર જોખમ ઉભા થાય છે?<br>(A) સર્વોપરિતા માટેના યુદ્ધ (B) નફા માટેની ગાંડી દોટ (C) વિશ્વ યુદ્ધો (D) ઉપરના બધા જ |
| 46 | અમુક સ્થળો, વિસ્તારો તેમજ એકંદરે કુદરત સંસાધન સંપત્તિનું આયોજીત રીતે વ્યવસ્થાપન કરવું એટલે..<br>(A) સાચવણ (B) ગોઠવણ (C) આયોજન (D) સંચાલન |
| 47 | દેશના ઐતિહાસીક વારસાને જાળવવા માટે પ્રોત્સાહન અને સહાય પૂરી પાડવામાં સાધનરૂપ બની રહ્યું છે.<br>(A) વાહનો (B) પ્રવાસન (C) ધાર્મિક સ્થળો (D) પર્યટકો |
| 48 | સંસ્કૃતિ જે દેશના પર્યાવરણનું એક અવિભાજય ગણાય છે તે તાજેતરમાં શેનો અખૂટ સ્ત્રોત ગણાય છે?<br>(A) દેવા (B) જમીન (C) સંપત્તિ (D) પર્યાવરણ |
| 49 | ભારતમાં પ્રવાસન ખાતુ કયારે અસ્તિત્વમાં આવ્યું?<br>(A) 1961 (B) 1965 (C) 1964 (D) 1966 |
| 50 | ભારતમાં પ્રવાસન ક્ષેત્રે સાહસિકોને ખાસ ધિરાણ સહાય આપવા માટે શાની રચના કરવામાં આવી છે?<br>(A) ટૂરિઝમ બેકીંગ (B) ટૂરિઝમ માર્કેટિંગ (C) ટૂરિઝમ ફાયનાન્સ કોર્પોરેશન (D) ટૂરિઝમ કોર્પોરેશન |
| 51 | વહિવટને વધારે પ્રતિનિધિત્વ પૂર્ણ બનાવવા માટે પર્યાવરણ મંત્રાલયે કયો વિચાર અમલમાં મૂકયો છે?<br>(A) માર્ગદર્શિકા (B) માર્ગદર્શન (C) વનમુખિયા (D) માર્ગદર્શક |
| 52 | કયો ઉદ્યોગ એ વિશિષ્ટ સેવાલક્ષી ઉદ્યોગ છે?<br>(A) કાપડ (B) પ્રવાસન (C) વાહન (D) લોખંડ |
| 53 | પ્રવાસન વિકાસ અને કોની વચ્ચેના સંબંધો ઈષ્ટ પરિણામો પ્રાપ્ત કરવામાં સહાયક બને છે?<br>(A) પર્યાવરણ જાળવણી (B) સરકાર (C) પર્યટકો (D) પ્રવાસન સ્થળ |
| 54 | જે–તે પ્રદેશની જમીનના ભીનાશવાળા સ્થળ ભેજયુકત ટુકડાને શું કહેવાય?<br>(A) ભેજવાળો પ્રદેશ (B) સૂકો પ્રદેશ (C) A અને B (D) એકપણ નહીં |
| 55 | ભારતમાં પ્રથમ પ્રવાસનીતિની ઘોષણા કયારે કરવામાં આવી હતી?<br>(A) 1961 (B) 1982 (C) 1951 (D) 1945 |

| | |
|---|---|
| 56 | પ્રવાસન રોજગાર અને __________ની તકો ઉભી કરે છે.<br>(A) ઉદ્યોગ (B) આવક (C) વેપાર (D) ખર્ચ |
| 57 | ખાનગી પ્રવાસન સંચાલકોને મુખ્યત્વે શેમાં નિસબત હોય છે?<br>(A) આવક (B) ખર્ચ (C) નફો (D) પ્રવાસન |
| 58 | આજે વિદેશી ટેકનિશ્યનની સેવાઓ ભાડે લેવા માટે મંજૂરી _________.<br>(A) લેવી પડતી નથી (B) લેવી પડે છે (C) મળતી નથી (D) મળે છે |
| 59 | જુદાજુદા સંભવિત પ્રવાસન વિસ્તારોમાં કયા સંશાધનો અસમતુલિત હોય છે?<br>(A) કુદરતી (B) માનવસર્જીત (C) સ્થાનીય લાભો (D) ઉપરના બધા જ |
| 60 | કુદરતી વિસ્તાર પ્રવાસન એ ટકાઉ નાણાંકીય વળતરવાળો અને કેવી પર્યાવરણીય અસરવાળો સંભવિત ઉદ્યોગ છે.<br>(A) ખૂબ જ નીચી (B) ખૂબ જ ઊંચી (C) નીચી (D) ઊંચી |
| 61 | આપણા દેશમાં શાનો વિકાસ કરવા માટે એક કાર્ય યોજના સૂચવવામાં આવી?<br>(A) ખેતી (B) ઉદ્યોગ (C) પ્રવાસન (D) સંદેશા વ્યવહાર |
| 62 | ભારતમાં મોટી સંખ્યામાં સ્થપાયેલા કુદરતી અનામત સ્થાનોનો નિભાવ મહદ્અંશે કોની આવકમાંથી થઈ રહેલ છે?<br>(A) પ્રવાસ–આયોજકો (B) પ્રવાસીઓ (C) A અને B (D) માત્ર B |
| 63 | કયા રાજયની પાસે લાંબો દરિયાકિનારો, જંગલ આચ્છદિત મોટો વિસ્તાર અને સારી આબોહવા છે?<br>(A) કર્ણાટક (B) ગુજરાત (C) રાજસ્થાન (D) મધ્યપ્રદેશ |
| 64 | ભારતમાં કયા દસકામાં પ્રવાસનને વાહનવ્યવહાર મંત્રાલયના એક વિભાગ તરીકેની ઓળખ મળી હતી?<br>(A) 1950 (B) 1960 (C) 1970 (D) 1980 |
| 65 | પ્રવાસીઓની કેવી સંખ્યા હંમેશા એક વિવાદનો વિષય રહ્યો છે.<br>(A) વધતીજતી (B) ઘટતીજતી (C) મંદ (D) એકપણ નહીં |
| 66 | 1950ના દસકામાં ભારતમાં લગભગ કેટલા વિદેશી પ્રવાસીઓ આવ્યા હતા?<br>(A) 1700 (B) 17000 (C) 170000 (D) 70000 |
| 67 | જે પ્રદેશો જુદા જુદા શાસકો અને વહિવટકર્તાઓનું વધારે ધ્યાન ખેંચ્યુ તે પ્રદેશો અન્ય પ્રદેશોની સરખામણીમાં કયા દરે વિકાસ પામ્યા?<br>(A) ઝડપી (B) ઓછા (C) મધ્યમ (D) ખૂબ જ ઓછા |
| 68 | ચેમ્પીયન અને શેઠે 1968માં જંગલની વનસ્પતિ જગતના મુખ્ય પ્રકારો કેટલા દર્શાવ્યા છે?<br>(A) ત્રણ (B) ચાર (C) પાંચ (D) સાત |
| 69 | વન્યજીવના રહેઠાણનો વિનાશ શેના કારણે થયો છે?<br>(A) ખેતીનો વિકાસ (B) ઉદ્યોગીકરણ (C) શહેરીકરણ (D) ઉપરના બધા જ |
| 70 | અરબી સમુદ્રના ટાપુઓમાં નાનાનાના કેટલા ટાપુઓનો સમૂહ છે?<br>(A) 20 (B) 25 (C) 10 (D) 5 |

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
## સત્રાંત પરીક્ષા જાન્યુઆરી – 2015

**સૂચના :**
1. તમામ પ્રશ્નોના જવાબ ફરજીયાત છે.
2. જયાં સુધી ખંડનિરીક્ષક ન જણાવે ત્યાં સુધી જવાબ લખવાનું શરૂ કરવું નહિ.
3. જવાબપત્રકની પાછળ આપેલ સૂચનાઓ કાળજીપૂર્વક વાંચ્યા બાદ જવાબ લખવાનું શરૂ કરવું
4. પરીક્ષાર્થીઓએ પ્રશ્નપત્ર અને જવાબપત્ર બંને ખંડ–નિરીક્ષકને એક સાથે પરત કરવાનું અનિવાર્ય છે. આથી કોઈપણ પરીક્ષાર્થીએ પ્રશ્નપત્ર પોતાની સાથે લઈ જવાનો આગ્રહ રાખવો નહિ. પ્રશ્નપત્ર સાથે લઈ જનાર વિદ્યાર્થી આ પરીક્ષા માટે ગેરલાયક ઠરશે.
5. વૈકલ્પિક પસંદગીના દરેક પ્રશ્નના ઉત્તર માટે ચાર વિકલ્પ જણાવ્યા છે. જેમાંથી એક સાચો હોવાની શકયતા છે. સાચો જવાબ પસંદ કરી જવાબપત્રકમાં યોગ્ય ખાનામાં (x) નિશાની કરો.
6. જે વિદ્યાર્થી પોતાનો સાચો નોંધણી નંબર નહીં દર્શાવે તેનું પરિણામ રદ થશે.

**અભ્યાસક્રમ : સર્ટિફિકેટ ઈન ટૂરિઝમ માર્કેટિંગ (CTM)**

**નોંધણી નંબર : ________________**

**પાઠયક્રમ : પ્રવાસન બજાર વ્યવસ્થા (TS-06)**
**તારીખ : 18/02/2015**
**સમય : 03.00 to 06.00** **કુલ ગુણ : 100**

| | |
|---|---|
| 1 | ગિલ્બર્ટ અને બેઈલીના મતે આધુનિક ધંધાદારી પ્રણાલિકાઓ અને બજાર વ્યવસ્થાના વિકાસના તબક્કાઓ કેટલા છે?<br>(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ |
| 2 | માર્કેટિંગ કોની સાથે સંકળાયેલુ છે?<br>(A) પેદાશ (B) વિતરણ (C) ઉપભોગ (D) ઉપરના બધા જ |
| 3 | બજાર વ્યવસ્થા એ ________ ની દરેક વ્યકિત સાથે સંકળાયેલુ છે.<br>(A) ગ્રાહક (B) ધંધા (C) પેઢી (D) ઉદ્યોગ |
| 4 | માર્કેટિંગ મેનેજર વ્યવહારમાં સફળ બની શકે તે માટે તેનો સ્વભાવ કેવો હોવો જોઈએ?<br>(A) ઉત્સાહી (B) સક્રિય (C) સ્પર્ધાત્મક (D) ઉપરના બધા જ |
| 5 | પ્રવાસન ઉદ્યોગ ટ્રાવેલ એજન્ટો અને પ્રવાસ સંચાલકો જેવા કેવા એકમોનો બનેલો છે?<br>(A) મોટા (B) નાના (C) બંને (D) એકેય નહીં |
| 6 | બજાર વ્યવસ્થા એ કેવા મૂલ્યોના વિનિમયને ઉત્તેજન આપે છે?<br>(A) અસ્વૈચ્છિક (B) સ્વૈચ્છિક (C) બંને (D) એકેય નહીં |
| 7 | બજાર સંશોધન પ્રવાસન બજાર વ્યવસ્થાનો કેવો ભાગ છે?<br>(A) બાહ્ય (B) લક્ષ્યાંકિત (C) અંતર્ગત (D) મધ્યકિંમત |
| 8 | નાના પાયાના એકમોમાં બજાર વ્યવસ્થા પર શું રનખવાનું કામ સોંપી શકાય છે?<br>(A) દેખરેખ (B) જવાબદારી (C) A અને B (D) જાણકારી |
| 9 | કઈ માર્કેટિંગ શૈલીમાં પેઢી બજાર માટે બે કે તેથી વધુ પેદાશો બનાવે છે.<br>(A) વ્યાપક માર્કેટિંગ (B) પેદાશ ભિન્નતાવાળુ બજાર (C) લક્ષ્યાંકિત માર્કેટિંગ (D) એકેય નહીં |
| 10 | પ્રવાસન સ્થળોએ કયા ક્ષેત્રમાં સ્પર્ધા વધી રહી છે?<br>(A) ભોમિયાઓ (B) રેસ્ટોરન્ટો (C) હોટલો (D) ઉપરના બધા જ |
| 11 | કઈ સાલમાં અગાઉનું યુ. એસ. એસ. આર. ભારત માટે પર્યટકો મોકલતુ એક મહત્વનું બજાર સાબિત થયુ હતું?<br>(A) 1991 (B) 1996 (C) 1988 (D) 1998 |
| 12 | કોના માટે પર્યટકો મોકલતાં બજારોનું જ્ઞાન હોવું જરૂરી છે?<br>(A) પ્રવાસન પેદાશો (B) સેવાઓનું માર્કેટિંગ (C) A અને B (D) એકપણ નહીં |
| 13 | ધંધાદારી સાહસોની સફળતા શાના દ્વારા સ્વીકારાઈ રહી છે?<br>(A) બજારો (B) ખરીદી (C) વેચાણ (D) માર્કેટિંગ |
| 14 | કયા દેશની સંસ્કૃતિ, ઈતિહાસ, સ્થાપત્ય, પર્વતો, ધર્મ અને વંશિયતા આંતરરાષ્ટ્રીય પર્યટકો માટે આકર્ષણરૂપ છે.<br>(A) ભારત (B) અમેરિકા (C) જાપાન (D) રશિયા |

| | |
|---|---|
| 15 | બજાર વ્યવસ્થા એટલે બજારોને આવરી લેવાને બદલે ચોક્કસ બજારોની પસંદ કેવી રીતે કરાવે છે?<br>(A) લક્ષ્યાંકિત (B) લક્ષ્યદ્વારા (C) અલક્ષ્યાંકિત (D) ઉપરના બધા જ |
| 16 | બજાર સંશોધનને કેટલા ભાગમાં વહેંચી શકાય?<br>(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ |
| 17 | બજારલક્ષી પ્રવૃત્તિઓ અંગે નિર્ણયો લેવા શેની જરૂર પડે છે?<br>(A) વસ્તુઓ (B) બજાર સંબંધિત માહિતી (C) વસ્તુના ભાવ (D) સમય |
| 18 | જેઓ બજારલક્ષી પ્રવૃત્તિઓ અંગે નિર્ણયો લે છે તેમને કઈ માહિતીની જરૂર પડે છે?<br>(A) પ્રવાસ સંબંધિત (B) ગ્રાહક સંબંધિત (C) બજાર સંબંધિત (D) ઉત્પાદન સંબંધિત |
| 19 | બજાર અનેક તત્ત્વોનું બનેલુ ________ હોય છે.<br>(A) પ્રવાસન (B) સંકુલ (C) પર્યટન (D) એક આકર્ષણ |
| 20 | જયાં થોડી પેઢીઓ ઉદ્યોગના સંયુકત હિસ્સા પર નોંધપાત્ર અંકુશ ધરાવે તેને કયુ બજાર કહેવામાં આવે છે?<br>(A) ઈજારો (B) અલ્પહસ્તક ઈજારો (C) ઈજારાયુકત હરિફાઈ (D) હરિફાઈવાળુ બજાર |
| 21 | 'કોઈપણ સંસ્થા માટે તેના હરીફોની અવગણના કરવી શકય નથી' – આ વિધાન<br>(A) ખોટું છે (B) સાચું છે (C) કરી શકાય નહીં (D) એકપણ નહીં |
| 22 | કઈ પ્રક્રિયા હેઠળ વસ્તીના ભિન્નભિન્ન ભાગોમાંથી નમૂના પસંદ કરાય છે?<br>(A) પદ્ધતિસરનું નિદર્શન (B) સ્તરિત નિદર્શન (C) યદચ્છ નિદર્શન (D) પ્રાદેશિક નમૂનાકરણ |
| 23 | જો વસ્તીમાંથી અમુક નમૂનાનો સંપર્ક કરીને તેની પાસેથી માહિતી મેળવવામાં આવે તો તેને કયું સર્વેક્ષણ કહેવાય?<br>(A) વસ્તી (B) નમૂના (C) એકમ (D) સંપૂર્ણ |
| 24 | માહિતીનું પદ્ધતિસરનું એકત્રીકરણ અને તેનું તટસ્થ વિશ્લેષણને શું કહેવાય?<br>(A) પ્રશ્નાવલી (B) નિદર્શન (C) બજાર સંશોધન (D) વિભાગીકરણ |
| 25 | ક્ષેત્ર અભ્યાસ દ્વારા એકત્રિત કરવામાં આવેલી માહિતીને કઈ માહિતી કહેવાય?<br>(A) ગૌણમાહિતી (B) પ્રાથમિક માહિતી (C) જન સંખ્યા (D) યદચ્છ માહિતી |
| 26 | પર્યટકોની શારીરિક અને માનસિક સલામતી સાથે સંકળાયેલા પરિબળો કયા છે?<br>(A) સામાજિક અને સલામતી (B) રાજકીય અને કાયદાકીય (C) ભૌગોલિક (D) ઉપરના બધા જ |
| 27 | હરીફોની સાથે રહીને બજાર હિસ્સો _________ હોય તો સ્પર્ધકોના પ્રયત્નોનો પેઢીએ લાભ ઉઠાવવા પ્રયત્ન કરવો જોઈએ.<br>(A) વધારવો (B) ઘટાડવો (C) દૂર કરવો (D) સ્થિર |
| 28 | પ્રવાસ ઉદ્યોગ એ કેવો ઉદ્યોગ કહેવાય?<br>(A) એકમુખી (B) બહુમુખી (C) A અને B (D) એકપણ નહીં |
| 29 | ઉદ્યોગમાંની જાણીતી બ્રાન્ડ સહેલાઈથી પ્રસ્થાપિત કરી શકે છે?<br>(A) બજાર હિસ્સો (B) વેચાણ અને વિતરણ (C) બ્રાન્ડ (D) ઉપરના બધા જ |
| 30 | બજારલક્ષી પ્રવૃત્તિઓ અંગે નિર્ણયો લે તેમને કઈ માહિતીની જરૂર પડે છે?<br>(A) પ્રવાસ સંબંધિત (B) બજાર સંબંધિત (C) ગ્રાહક સંબંધિત (D) ઉત્પાદન સંબંધિત |
| 31 | પ્રવાસન ઉદ્યોગમાં માંગ આધારણની જરૂર શા માટે પડે છે?<br>(A) પેદાશ ડિઝાઈન (B) વેચાણના હેતુઓ (C) પેદાશની માંગ સમજવા (D) ઉપરના બધા જ |
| 32 | વર્તમાન સમયમાં દુનિયાના દરેક દેશમાં શાની સ્થાપના થયેલી છે?<br>(A) રાષ્ટ્રીય પ્રવાસન સંસ્થા (B) રાષ્ટ્રીય પ્રવાસન બોર્ડ (C) રાષ્ટ્રીય કમિશન (D) A અને B |
| 33 | બજાર વ્યવસ્થાથી વપરાશમાં શું થાય છે?<br>(A) ઘટાડો (B) વધારો (C) સમતુલન (D) કોઈજ ફેરફાર થતો નથી |
| 34 | દરેક ખાનગી કે જાહેર સંસ્થા એક યા બીજી રીતે પ્રવાસન બજાર વ્યવસ્થાની પ્રક્રિયા સાથે સંકળાયેલ હોય છે.<br>– આ વિધાન<br>(A) સાચું છે (B) ખોટું છે (C) કરી શકાય નહીં (D) અધૂરુ છે |
| 35 | પ્રવાસન બજાર વ્યવસ્થાની પ્રક્રિયા સાથે એક યા બીજી રીતે કોણ સંકળાયેલ છે?<br>(A) ખાનગી સંસ્થા (B) જાહેર સંસ્થા (C) A અને B (D) એકપણ નહીં |
| 36 | ભારતમાં પ્રવાસન 'મિનિસ્ટ્રી'ની નીતિના અમલીકરણની સંસ્થા કઈ છે?<br>(A) પ્રવાસન નિગમ (B) પ્રવાસન વિભાગ (C) RDA (D) TRC |
| 37 | પ્રવાસન સાથે સંકળાયેલ જાહેર સંસ્થાઓનું વલણ કોના તરફી હોય છે?<br>(A) કેન્દ્રીકરણ (B) વિકેન્દ્રીકરણ (C) સરકાર (D) પ્રવાસન |

| | |
|---|---|
| 38 | કઈ પ્રવૃત્તિમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય જટિલતાઓ, સામ્યતાઓ અને તફાવતો સંબંધી અનુભવ અને સમજ કેળવવી આવશ્યક બને છે.<br>(A) વિદેશી પ્રવાસ (B) પ્રવાસન (C) વિદેશી હૂંડિયામણ (D) બજાર વ્યવસ્થા |
| 39 | ભારતના સરકારના 1992ના 'પ્રવાસનના રાષ્ટ્રીય એકશન પ્લાન' હેઠળ કેન્દ્રિત વિકાસ માટે કેટલા પ્રવાસ કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા છે?<br>(A) 5 (B) 10 (C) 15 (D) 20 |
| 40 | _________એ સામાજિક જવાબદારીવાળા બજારવ્યવસ્થાની મુખ્ય પ્રક્રિયા છે.<br>(A) પ્રવાસીઓ (B) યજમાન વસ્તી (C) સમજાવટ (D) પર્યાવરણ |
| 41 | અભિવૃદ્ધિના સાધનોમાં જાહેરાત, પ્રસિદ્ધિ અને વેચાણ વૃદ્ધિ ઉપરાંત શેનો સમાવેશ થાય છે?<br>(A) વ્યકિતગત વેચાણ (B) યજમાન વસ્તી (C) પ્રવાસન કેન્દ્રનો પ્રદેશ (D) વાતાવરણ |
| 42 | પ્રવાસનના ક્ષેત્રમાં જાહેર સંસ્થાઓનો કયા સ્વરૂપે વિકાસ થયો છે?<br>(A) સત્તા (B) જવાબદારીઓ (C) A અને B બંને (D) એકપણ નહીં |
| 43 | પ્રવાસનમાં પેદાશનો અનુભવ કોણ કરે છે?<br>(A) ટ્રાવેલર્સ (B) પ્રવાસી (C) ઉત્પાદક (D) એકપણ નહીં |
| 44 | ગ્રાહકો જયારે પેદાશ ખરીદે ત્યારે તેની પાસેથી તેઓ અમુક લક્ષણો અને શરતોની અપેક્ષા રાખી છે તેને સંતોષતી પેદાશ બનાવે તો તેને કઈ પેદાશ કહેવાય?<br>(A) અપેક્ષિત પેદાશ (B) અભિવૃદ્ધિત પેદાશ (C) સંભવિત પેદાશ (D) ઉપરના બધા જ |
| 45 | કઈ સંસ્થાઓ વ્યાપક અને વાણિજયક સ્વરૂપની પ્રવાસ પ્રવૃત્તિનો આંતરિક રીતે વિકસાવી શકાય તે પ્રકારની રૂપાંતર પ્રક્રિયામાં મહત્વનું કાર્ય કરે છે?<br>(A) સરકારી (B) બિનસરકારી (C) સ્થાનિક (D) રાજકીય |
| 46 | જયારે કોઈ મકાન કે વિસ્તારને તેના અસલ ઉપયોગમાંથી કોઈ બીજા જ ઉપયોગમાં લેવામાં આવે તેને શું કહેવામાં આવે છે?<br>(A) વિસ્થાપન (B) પેલેસ (C) વિતરણ (D) વિતરણમિશ્ર |
| 47 | સામાજિક જવાબદારીવાળા બજાર વ્યવસ્થાની મુખ્ય પ્રક્રિયા કઈ?<br>(A) પર્યાવરણ (B) સમજાવટ (C) પ્રવાસીઓ (D) યજમાન વસ્તી |
| 48 | બજારની જરૂરિયાત પ્રમાણે ગ્રાહકો દ્વારા ઉપયોગમાં લેવા માટે કે તેમની જરૂરિયાત સંતોષવા માટે જે કાંઈ આપી શકાય એને શું કહેવાય?<br>(A) કિંમત (B) વસ્તુ (C) માંગ (D) પેદાશ |
| 49 | ગ્રાહકની જરૂરિયાતો સંતોષવા __________ વિકસાવવામાં આવે છે.<br>(A) પેદાશો (B) વસ્તુમિશ્ર (C) બજાર પેદાશો (D) સંભવિત પેદાશ |
| 50 | જે પેદાશ કેટલીક વધારાની સેવાઓ કે કેટલાંક વધારાના લાભો આપે અને પરિણામે તે અન્ય પેદાશો કરતાં આગવું વ્યકિતત્વ ધારણ કરે તેને કઈ પેદાશ કહેવાય?<br>(A) કેન્દ્રીય પેદાશ (B) સંભવિત પેદાશ (C) અભિવૃદ્ધિત પેદાશ (D) અપેક્ષિત પેદાશ |
| 51 | ગ્રાહકોની જરૂરિયાતો અને તેમની રૂચિઓને ખ્યાલમાં લઈને યોગ્ય પ્રકારની પેદાશો વિકસાવવાની જવાબદારી કોની છે?<br>(A) સરકાર (B) વેપારીઓ (C) બજાર વ્યવસ્થાપક (D) ઉદ્યોગપતિઓ |
| 52 | ગ્રાહક જે મૂળભૂત સેવા કે લાભ ખરીદે છે તેનો સમાવેશ શેમાં થાય છે?<br>(A) કેન્દ્રીય લાભો (B) બજાર પેદાશ (C) અપેક્ષિત પેદાશ (D) અભિવૃદ્ધિત પેદાશ |
| 53 | મોટી કંપનીઓમાં પેદાશ વિકસાવવા માટે શું હોય છે?<br>(A) વસ્તુ મિશ્ર (B) અપેક્ષિત પેદાશ (C) જવાબદાર જૂથ (D) સંભવિત પેદાશ |
| 54 | પેદાશની નાણાકીય સુદૃઢતાનો વિચાર કર્યા પછી શાનો વિચાર કરવો જોઈએ?<br>(A) વેચાણ વૃદ્ધિ (B) વિતરણ (C) પ્રતિભા (D) ઉપરના બધા જ |
| 55 | પેદાશનું સંપૂર્ણ પાયા પર ઉત્પાદન અને વેચાણ એટલે.........<br>(A) વિતરણ (B) પ્રતિભા (C) વેપારીકરણ (D) એકપણ નહીં |
| 56 | વસ્તુમિશ્રમાં આવેલું પેદાશોનું એક જૂથ કે જે ગાઢ રીતે સંકળાયેલ હોય તેને શું કહેવાય?<br>(A) પેદાશ (B) પેદાશમિશ્ર (C) પેદાશવસ્તુ (D) પેદાશશ્રેણી |
| 57 | કયા તબક્કામાં વસ્તુનો બજારમાં સ્વીકાર થતો જાય છે અને વેચાણ તથા નફો વધે છે.<br>(A) પ્રવેશ (B) પરિપકવતા (C) વિકાસ (D) પતન |

| | |
|---|---|
| 58 | પ્રવાસનનો લાભ મેળવવા ખર્ચાતી વાસ્તવિક રકમનો સમાવેશ શેમાં થાય છે?<br>(A) સમય (B) નાંણાકીય ખર્ચ (C) શારીરિક પ્રયત્ન (D) માનસિક ખર્ચ |
| 59 | સંગ્રાહાલય માટેનું વસ્તુમિશ્ર એની લંબાઈમાં કેટલી પેદાશ શ્રેણીઓનું બનેલું હોય છે?<br>(A) ત્રણ (B) ચાર (C) પાંચ (D) છ |
| 60 | શાની રચના ઉપર જ બજાર મિશ્રના અન્ય પાસા રચાય છે?<br>(A) વેચાણ (B) સ્થળની રચના (C) પેદાશ (D) બાંહેધરી |
| 61 | દરેક પેદાશશ્રેણીને શું હોય છે?<br>(A) પહોળાઈ (B) લંબાઈ (C) વર્ગમૂળ (D) ક્ષેત્રફળ |
| 62 | પ્રવાસન બજારમાં વટાવએ કેવા ગાળાની યુક્તિ છે?<br>(A) ટૂંકા (B) મધ્યમ (C) લાંબા (D) ખર્ચાળ |
| 63 | જે અભિગમ પ્રવાસન જે પેદાશો અને સેવાઓ પૂરી પાડે તેના પર ભાર મૂકે તેને શું કહેવાય?<br>(A) બજારલક્ષી અભિગમ (B) સમાજલક્ષી અભિગમ (C) પેદાશલક્ષી અભિગમ (D) વેપારલક્ષી અભિગમ |
| 64 | નવી પેદાશના ભાવિ વેચાણ અને નફાકીય સંભવિતતાના અંદાજો તૈયાર કરવા એટલે......<br>(A) ધંધાકીય વિશ્લેષણ (B) ધંધાકીય પર્યાવરણ (C) પેદાશ વિકાસ (D) વેપારીકરણ |
| 65 | પરિચય પ્રવાસોનું આયોજન અને વ્યવસ્થા કેવા હોય છે?<br>(A) સસ્તા (B) ખર્ચાળ (C) વધુ (D) ઓછા |
| 66 | પરિચય પ્રવાસોનું આયોજન અભિપ્રાયના ઘડવૈયાઓ અને ધંધો પૂરો પાડનારાઓને કોનો અંગત અનુભવ કરાવવાનો, પરિચય કરાવવાનો અને જાણકારી આપવાનો હોય છે.<br>(A) પ્રવાસન પેદાશો (B) સેવાઓ (C) A અને B (D) એકપણ નહીં |
| 67 | કયો તબક્કો પ્રવાસ સ્થળ વસ્તુ જીવનચક્રના તબક્કાનો છે?<br>(A) વસ્તુ જીવનચક્ર (B) જીવનચક્ર (C) A અને B (D) એકપણ નહીં |
| 68 | આંતરરાષ્ટ્રીય બજારોમાં સ્થળ ઉત્તેજન અને પ્રતિભા નિર્માણનું કાર્ય કોણ કરે છે?<br>(A) રાષ્ટ્રીય પ્રવાસ સંગઠન (B) IRA (C) IBA (D) IRD |
| 69 | પરિચય પ્રવાસોમાં અભિપ્રાય ઘડવૈયામાં કોને આમંત્રિત કરવા જોઈએ?<br>(A) પત્રકારો (B) પ્રવાસ લેખકો (C) ટી.વી. અને રેડિયો સાથે સંકળાયેલ વ્યકિતઓ (D) ઉપરના બધાં જ |
| 70 | બજાર મિશ્ર નક્કી કરતી વખતે શું ધ્યાનમાં લેવાનું હોય છે?<br>(A) યજમાન વસ્તીનું વલણ (B) પર્યાવરણીય ચિંતાઓ (C) સ્થાનિક સંસ્થાઓની ભૂમિકાઓ (D) ઉપરના બધા જ |
| 71 | કોનો સંબંધ વર્ષ દરમ્યાન જોવા મળતી કુદરતી મોસમો સાથે છે?<br>(A) બિન–આબોહવાકીય (B) આબોહવાકીય ઋતુગતતા (C) પ્રણાલિકા (D) સામાજિક દબાણો |
| 72 | કોઈ દેશમાં અચાનક કોઈ કટોકટી ઉદ્દભવે ત્યારે પ્રવાસીઓનાં આગમનમાં શું થાય છે?<br>(A) મોટો વધારો (B) મોટો ઘટાડો (C) કોઈ જ ફેરફાર થતો નથી (D) ઉપરના બધા જ |
| 73 | પ્રવાસન ઉદ્યોગના તમામ વિભાગો અને સંગઠનો શાનું આયોજન કરવામાં ફાળો આપે છે?<br>(A) પરિચય પ્રવાસો (B) આનંદદાયક પ્રવાસો (C) ધાર્મિક પ્રવાસો (D) ઉપરના બધા જ |
| 74 | પ્રવાસન સ્થળો શા માટે વિશિષ્ટ ઘટનાઓનું આયોજન કરે છે?<br>(A) પર્યટકોને આકર્ષવા (B) નફો કમાવવા (C) સેવા કરવા (D) વેપાર કરવા |
| 75 | પ્રવાસનના તમામ સ્વરૂપો સાથે શું સંકળાયેલ છે?<br>(A) બજાર વ્યવસ્થા (B) ઋતુગતતા (C) સ્થિતિ સ્થાપકતા (D) પ્રવાસનમાંગ |
| 76 | બિન–આબોહવાકીય આકર્ષણોનો ઉદ્દભવ માનવ–જીવનના કયા પરિબળોમાંથી થાય છે?<br>(A) સાંસ્કૃતિક (B) વંશીય (C) સામાજિક (D) ઉપરના બધા જ |
| 77 | કયા રાજયએ પોતાના રાજયને એક સાંસ્કૃતિક પ્રવાસન કેન્દ્ર તરીકે વિકસાવ્યુ છે?<br>(A) ગુજરાત (B) મહારાષ્ટ્ર (C) રાજસ્થાન (D) મધ્યપ્રદેશ |
| 78 | જયપુરને કેવા શહેર તરીકે ઓળખવામાં આવે છે?<br>(A) લાલનગરી (B) બ્લ્યુસિટી (C) ગુલાબી શહેર (D) લેક પેલેસ |
| 79 | કોની બજાર વ્યવસ્થા પ્રસંગને અનુરૂપ હોવી જોઈએ?<br>(A) બજાર (B) પર્યટકો (C) ટ્રાવેલર્સ (D) દલાલો |
| 80 | વર્તમાનમાં ઉજવણીના હેતુઓ અને ઉદ્દેશોને કોને જાગૃત કરવાના દૃષ્ટિકોણથી જોવામાં આવે છે?<br>(A) મુલાકાતી (B) એજન્ટ (C) વેપારી (D) લોકો |

| | |
|---|---|
| 81 | ઉત્સવો _________ ધોરણે ઉજવાતા હોય છે જયારે વિશિષ્ટ પ્રસંગો જે–તે પ્રવાસન કેન્દ્ર પર ફકત એક જ વાર ઉજવાતા હોય છે.<br>(A) વાર્ષિક (B) અર્ધ–વાર્ષિક (C) ત્રિ–માસિક (D) એકપણ નહીં |
| 82 | ભારતમાં કયા વેચાણનો ખ્યાલ વધુ પ્રચલિત છે?<br>(A) આક્રમણ (B) પુનઃવેચાણ (C) સંભવિત (D) આધુનિક |
| 83 | એક કે તેથી વધુ સંભવિત ખરીદકર્તાઓ સાથે વેચાણ માટે વાતચીત દ્વારા થતી મૌખિક પ્રક્રિયાને શું કહેવાય?<br>(A) પ્રચાર (B) વેચાણ પ્રોત્સાહનો (C) વૈયક્તિક વેચાણ (D) જાહેરાત |
| 84 | પ્રસંગ અને પ્રવાસન કેન્દ્રને પ્રસિદ્ધ કરવામાં વિકસાવવામાં કોનો ઉપયોગ કરવામાં આવે છે?<br>(A) લેખકો (B) વિચારકો (C) કલાકારો (D) ઉપરના બધા જ |
| 85 | છેવટના ખરીદનારને હોટલના ઓરડાઓની માહિતી સહિત ઓરડાઓ તેમજ સેવાઓની વેચાણવૃદ્ધિ માટે સહાયભૂત બને એવી પેઢીને શું કહેવાય?<br>(A) વેપારીઓ (B) ગ્રાહકો (C) સ્પર્ધકો (D) બજાર વ્યવસ્થાના મધ્યસ્થીઓ |
| 86 | સેવાઓ કેવી હોય છે?<br>(A) લાંબાગાળાની (B) ટૂંકાગાળાની (C) ક્ષણભંગૂર (D) પ્રશંસનીય |
| 87 | તત્કાલીન પર્યાવરણને તેમજ તેના દ્વારા બજારને પૂરી પાડવામાં આવતી સેવા ક્ષમતાને પ્રભાવિત કરે એવા તત્વોનો સમાવેશ શેમાં થાય છે?<br>(A) આર્થિક પર્યાવરણ (B) તકનિકિ પર્યાવરણ (C) સૂક્ષ્મ પર્યાવરણ (D) રાજકીય પર્યાવરણ |
| 88 | બજારના ધ્યાન, સંપાદન અને જરૂરિયાતને સંતોષી શકે તેવી વપરાશ માટે ઉપયોગી એવી કોઈપણ ચીજવસ્તુને શું કહેવાય?<br>(A) રચના (B) મિશ્રબજાર (C) ઉત્પાદન (D) એકપણ નહીં |
| 89 | મોટે ભાગે સારી ગુણવત્તા, સારો દેખાવ અને સારા લક્ષણો ધરાવતી હોય તેવી ચીજવસ્તુઓની તરફેણ કોણ કરતું હોય છે?<br>(A) ગ્રાહકો (B) વેપારીઓ (C) બજાર (D) સરકાર |
| 90 | કઈ પ્રોડકટએ અત્યંત નાશવંત છે જેનો ભવિષ્ય માટે સંગ્રહ થઈ શકતો નથી.<br>(A) પ્રવાસન (B) વિમાનમાર્ગી (C) સેવા (D) વાહન વ્યવહાર |
| 91 | વ્યવસાયિક સંચાલન ધરાવતી પેઢીઓની સામે વ્યાપાર કેવો હોય છે?<br>(A) એકાંગી (B) વ્યકિતગત (C) કૌટુંબિક (D) એકપણ નહીં |
| 92 | વિમાન માર્ગી વાહન વ્યવહારના પ્રથમ પંકિતના મુસાફરો કોને ધ્યાનમાં લેતા નથી?<br>(A) સેવાની ગુણવત્તા (B) કર્મચારીઓના વિનય (C) કિંમત (D) કર્મચારીઓનો વિવેક |
| 93 | બજારની અસરકારકતાના અન્વેષણના કાર્યો કેટલા?<br>(A) બે (B) ત્રણ (C) ચાર (D) પાંચ |
| 94 | વિમાનીમાર્ગી સંસ્થાનું સમયપત્રક ગોઠવવાનું કામ કોણ કરે છે?<br>(A) પાયલોટ (B) વિમાની કંપની (C) આયોજક (D) સરકાર |
| 95 | વિમાની કંપની કોને તેમની સેવાના બદલામાં વળતર ચૂકવે છે?<br>(A) દલાલો (B) પેસેન્જરો (C) ગ્રાહકો (D) એકપણ નહીં |
| 96 | વિમાની કંપનીની નફાકારકતા માપવા માટે શાની નફાકારકતા જાણવી જોઈએ?<br>(A) વિભિન્ન પેદાશ (B) વિભિન્ન ગ્રાહક સમૂહ (C) ભૌગોલિક પેદાશ (D) ઉપરના બધા જ |
| 97 | વિમાની સેવાના ઉદ્યોગ માટે બજાર વ્યવહારનાં સિદ્ધાંતોના અનુસરણ માટેના તબક્કાઓ પૈકી કયું આયોજન એ સૌથી અગત્યનું પગલું છે?<br>(A) વ્યૂહાત્મક (B) પ્રતિકારાત્મક (C) અગાઉનું (D) ઉપરના બધા જ |
| 98 | વિમાની સેવા આપતી સંસ્થામાં ફેરફાર ક્ષમતા કયારે શકય બને?<br>(A) આવક વધતી હોય (B) માહિતી સંચારની વિપુલતા હોય (C) નફો વધતો હોય (D) એકપણ નહીં |
| 99 | બજાર એકમના હેતુઓ, વ્યૂહરચનાઓ, વ્યવસ્થાતંત્ર અને તેની કામગીરીનું વ્યવસ્થિત પરીક્ષણ એટલે શું?<br>(A) બજાર પુરવઠો (B) બજારની અસરકારકતાનું અન્વેષણ (C) બજાર તંત્ર (D) બજાર વ્યવસ્થા |
| 100 | વિમાની કંપનીઓના નફાની કમાણીનો આધાર કિંમત નિર્ધારણ અને પડતર ઉપરાંત શેના પર રહેલો છે?<br>(A) પેસેન્જર (B) અંકુશ રાખવાની આવડત (C) A અને B (D) એકપણ નહીં |